આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૪ • અંક : ૫
સળંગ અંક : ૧૦૦૫
ઓગસ્ટ-૨૦૨૪

## ૭૭મો સ્વાતંત્ર્ય દિન




## સરસ્વતી વિદ્યામંડળની વિવિધ શાળાઓમાં જ્ઞાન ગૌરવ તેમજ શાળામાં ચૂંટાયેલા નવ નિયુક્ત વર્ગ પ્રતિનિધિ અને કારોબારી સમિતિની સોગંધવિધિ કાર્યક્રમની કેટલીક તસ્વીરો...












# ઘરશાળા

વર્ષ : ૮૪

સળંગ અંક : ૧૦૦૫ ઑગસ્ટ-૨૦૨૪

| | |
|---|---|
| સ્થાપક તંત્રીઓ : | હરભાઈ ત્રિવેદી<br>રઘુભાઈ નાયક |
| તંત્રીઓ : | જ્યોતીન્દ્રભાઈ દવે<br>સજુભા ઝાલા |
| સહતંત્રી : | અશોકભાઈ સોમપુરા |
| વ્યવસ્થા અને સંકલન : | કે. ડી. પટેલ |
| પરામર્શ : | અમિતાબહેન પાલખીવાલા |

આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છપાનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.

શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.

પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.

-: ઘરશાળા કાર્યાલય સરનામું :-

સરસ્વતી વિદ્યામંડળ
ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ
સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮

ફોન નંબર :- ૦૭૯ -૨૨૯૨૦૫૩૭
મોબાઇલ નંબર :- ૯૨૨૭૭૫૨૫૨૩

## અનુક્રમ

ક્ષણિકનું ગાન — ઝવેરચંદ મેઘાણી/૪

સંપાદકીય - ઑગસ્ટ માસનું ચિંતન — જ્યોતીન્દ્રભાઈ દવે/૫

લેવું તે દેવાને કાજ! — ઈશ્વર પરમાર/૭

સૂપડું સવા લાખનું, ઝાટકો રે ઝાટકો — પાલખીવાલા અમિતાબેન/૧૪

ઘર — મહેન્દ્ર મેઘાણી/૨૧

હુન્નર અપાવે મુક્તિ — ઈશ્વર વાઘેલા/૨૫

પ્રભુને પ્રાર્થના કે ફરિયાદ? — અશોક સોમપુરા/૨૭

પેપરો નહીં પણ માણસ ફૂટે છે — જય વસાવડા/૨૯

વેળગંગા અથવા સીતાનહાણી
સાભાર - કાકાસાહેબ કાલેલકરનું જીવન કાવ્ય/૩૧

ધરતી પર સૂર્યનું અવતરણ — ચિંતન ભટ્ટ/૩૪

ફરી કુદરતના ખોળે
પક્ષીના માળાની રચના અને ખાસિયતો — જગત કીનખાબવાલા/૩૭

શિક્ષણ સમાચાર — - અશોકભાઈ સોમપુરા/૪૦

email : gharashala@saraswatividyamandal.org
website : www.saraswatividyamandal.org/publication

## લવાજમ અંગેની માહિતી

| લવાજમ | | ભારત | | પરદેશ |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૦૦ | ₹ | ૨૦૦૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૫૦૦ | ₹ | ૫૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૮૫૦ | ₹ | ૮૫૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિક ના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર -૯૨૨૭૭૫૨૫૨૩ પર અચૂક જાણ કરવી.

-: ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :-
બેંકનું નામ :- બેંક ઓફ બરોડા
ખાતા નંબર :- ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭ ખાતાનુ નામ :- ઘરશાળા માસિક
આઇ.એફ.એસ.સી. કોડ :- BARB0SARASP.(Fifth character is zero)

# ક્ષણિકનું ગાન

ગા ક્ષણિકનાં ગાન, રે મન! ગા ક્ષણિકનાં ગાન.
આજ આ સંધ્યાની ઝલકે
અકારણ આનંદ પુલકે,
સ્ફુરે નવલાં ગાન
રે મન! ગા ક્ષણિક ગાન.
ના થજે હેરાન, રે મન, ના થજે હેરાન!
આ સનાતન, એ ચિરંતન,
કરીશ ના એ કાંઈ ચિંતન
આજને દિનમાન.
વીતી ગયેલી વાતડીના
સ્મરણ-ગજરા ગૂંથજે ના,
ના થજે હેરાન
ગા મન! ગા ક્ષણિકનાં ગાન.
આવનારા ભલે આવે,
જે થનારું હોય થાવે;
ખેર ! સઘળા ચલ્યા જાવે
ક્ષણ તણા મે'માન;
ગા મન! ગા ક્ષણિકનું ગાન.

**ઝવેરચંદ મેઘાણી**

(૨૮-૮-૧૮૯૬ - ૯-૩-૧૯૪૭)

# સંપાદકીય



- જ્યોતીન્દ્રભાઈ દવે

## ઑગસ્ટ માસનું ચિંતન

ઑગસ્ટ એટલે ક્રાંતિનો મહિનો ઑગસ્ટ ક્રાંતિ હિંદ છોડો આંદોલનની શરૂઆત તારીખ ૮ ઑગસ્ટ ૧૯૪૨થી શરૂ થઈ. ૧૫ ઑગસ્ટે ૧૯૪૭ ના દિને દેશ સ્વતંત્ર થયો તે જ અરસામાં દેશમાં કોમીદાવાનળ સળગ્યો અને ગાંધીજીને સ્વતંત્રતાના આનંદ કરતા વ્યથા વધુ હતી. માનવ જ માનવનો દુશ્મન બન્યો. વર્ષો સાથે રહેલા પરાયા થઈ ગયા. માનવ ઈતિહાસનું શરમજનક પ્રકરણ આ જ અરસામાં લખાયું. રાજકારણીઓ રમત રમી ગયા અને ષોસવાનો વારો પ્રજાને આવ્યો.

૭૫ વર્ષ પછી પણ આ વયમનસ્ય અટકવાનું નામ નથી લેતું. ચૂંટણી ટાણે ખંધા રાજકારણીઓ રાખ ઉપર ફૂંક મારી ભડકો કર્યા વગર રહેતા નથી. ભાગલા કરોને રાજ કરો નો રાજ્યશાસ્ત્રનો સિદ્ધાંત હવે આ જમાતે હસ્તગત કર્યો છે.

ખેર! સ્વતંત્ર દિનની ઉજવણીમાં આવી હૈયાવરાળ સહજ રીતે વ્યક્ત થઈ પણ એક વાત ચોક્કસ છે કે દેશના નાગરિકોની એકતાના તાણાવાણામાં ગાંઠ પડી ગઈ છે.

ધર્મના નામે, પ્રદેશના નામે, ભાષાના નામે, જ્ઞાતિ અને જાતિના નામે દેશની ભાવનાત્મક એકતાને લૂણો લાગ્યો છે તે વાત નિર્વિવાદ રીતે ચોક્કસ છે. ૨૦૪૭ આઝાદીના શતાબ્દી વર્ષમાં કદાચ આપણે વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનીએ કે વિશ્વ ગુરુ બનીએ પણ ઉપરની સમસ્યાને દૂર કરવાનો રોડ મેપ કોઈ રાજકીય પક્ષો પાસે છે? એક જાગૃત નાગરિક તરીકે આ પ્રશ્ન અમે તમામ જવાબદાર સમાજશાસ્ત્રીઓ, શિક્ષણશાસ્ત્રીઓ, બૌધિકો અને રાજકીય આગેવાનોને પૂછીએ છીએ. બહુ મોડું થાય તે પહેલાં આ દિશામાં એક રાષ્ટ્રીય એકતા આંદોલન ખૂબ જરૂરી છે. ‘‘ઓ હિન્દ દેવભૂમિ સંતાન સૌ તમારા’’ આ ભાવનાને જાગૃત કરવાની જરૂર છે.

૧૫ ઑગસ્ટ અમારા ગુરુ અને સરસ્વતી વિદ્યામંડળના સ્થાપક તેમજ ઘરશાળા માસિકના તંત્રી મુરબ્બી શ્રી રઘુભાઈ નાયક જેમણે સ્વતંત્ર ભારતના શિક્ષિત અને સુજ્ઞ નાગરિકનું ઘડતર કરવાનો યજ્ઞ ૧૯૪૪માં આરંભ કર્યો હતો આવા ગરવા ગુરુના જન્મદિનને અમે વંદન કરીએ છીએ.

આ માસમાં અમારા ગુરુના પણ ગુરુ કવિવર રવીન્દ્રનાથ ટાગોરનો તારીખ ૭ ઑગસ્ટે નિર્વાણ દિન છે. ગુરુવર્યને વંદન. ટાગોર એટલે માનવીય સંવેદના અને પ્રકૃતિના કવિ. દેશની સરહદો તોડી વિશ્વ માનવના હિમાયતી અને મુક્તિની ચરમ સીમાનો આનંદ માણનાર ચિંતક. ‘‘યુક્ત કરો હે સબાર સંગે મુક્ત કરો હે બંધ સંચાર કરો સકલ કર્મેને શાંત તોમાર છંદ.’’ એવી મુક્તિની જે સમગ્રતામાં શાંતિનો સંચાર કરે. આવા સંવેદનશીલ ટાગોરની જાણીતી પંક્તિ ને

Where the mind is without fear
And head is held high.
Wealth mind is led forward
By three into ever widening thought and action
In to that haven of freedom
My father
LET MY COUNTRY AWAK

- Rabindranath Tagore

યાદ કરી વંદન કરીએ.

અને છેલ્લે ઑગસ્ટ મહિનો હોય, સ્વતંત્રતાનો ઉત્સવ હોય ત્યારે ગુજરાતના લોક કવિ ઝવેરચંદ મેઘાણીને કેમ ભુલાય. તારીખ ૨૮ ઑગસ્ટના જન્મદિનને તેમને સત્ સત્ વંદન.

**તારા નામમાં ઓ સ્વતંત્રતા, મીઠી આ શી વત્સલતા ભરી...**

અને અંતમાં આપણી વ્યથા ને મેઘાણીના શબ્દોમાં વ્યક્ત કરીને વિરમીએ.

''મારા દેશના સહુ શોષિતો
દુનિયાના પીડિતો-તાપીતો
ખૂણે ખૂણે ગાય તારા ગીતો
એના ભૂખ્યા પેટે છતાં એને કેવી મોંઘી તું મીઠડી
એના બેડી બંધન તૂટશે એવી આશે ખલ્ક બધી ખડી.''

- તારા નામમાં ઓ સ્વતંત્રતા

❀ ❀ ❀

સ્વચ્છતા જાણે રોગચાળો ફાટી નીકળે ત્યારે જ જાળવવાની હોય એવી છાપ છે. એ રોજબરોજના જીવનનો ભાગ બને એવો આગ્રહ વ્યક્તિઓ, સમાજ, સરકારી તંત્ર કે મ્યુનિસિપલ તંત્ર કદીયે રાખતા જ નથી. એથી તો રોગચાળો ફાટી નીકળે છે. ત્યારે ૨૦૦૦ ટન કે ૩૦૦૦ ટન કચરો ખસેડ્યો એવી જાહેરાતો થતી હોય છે. ઠેર ઠેર દવાઓનો છંટકાવ થાય છે. પાણી ઉકાળીને પીવાની સૂચના અપાય છે. અમુક પ્રકારની દવાઓ લેવાની સૂચનાઓ અપાય છે. ઘરની આસપાસ સ્વચ્છતા જાળવવાની દોરવણી અપાય છે. વાસ્તવમાં આ તમામ બાબતોનું રોજિંદા જીવનમાં પાલન થવું જોઈએ. આપણે આગ લાગે ત્યારે કૂવો ખોદવાની વાત કરીએ છીએ. પણ આગ લાગે જ નહિ, તેવી કોઈ ચોક્કસ વ્યવસ્થા ઊભી કરીએ તો?

❀ ❀ ❀ - **રઘુભાઈ નાયક**

# લેવું તે દેવાને કાજ!

- ઈશ્વર પરમાર

'દીકરીને ઉકરડી કંઈ અમથી કહેતા હશે? ઈને વધતાં કાંઈ વાર લાગે છે, ભૈ! લો, દીકરી દહ વરહની થૈ ગૈ! હવે હાહાઠીઠી હાઉં, લૂલીને દાંત વચ્ચે દાબેલી જ રાખવાની. ઓઢણી ઓઢે ને પગની પાનીય દેખાવી ન જોઈએ ને રોજેરોજ વરી ના'વું તો શું? પારકે ઘરે મોકલવાની ખરીને, એટલે હવે પલોટવી પડશે!''

અડધી સદી પહેલાં આવી જડ માન્યતામાં જીવતા સમાજને એ સમજ આપવાની હતી કે દીકરી એ પશુ નથી; પશુને સવારી લાયક કરવા સારુ મારી-દોડાવીને પલોટાય. દીકરીને પલોટવી એટલે તેને પાવરધી કરવી. જીવનમાં પોતે તરી પાર ઊતરે ને બીજાનેય તારે તેવી પાવરધી! બીજાનું માન જાળવે તેવી વિવેકી ને પોતાનું માન સાચવી શકે તેવી સમર્થ. આવી પાવરધી દીકરી તે ઉંબર પરનો દીવો! તો આવો, તમારી દીવડીઓને લાવો ને તેને અમારી રીતે પલોટવાની સેવા કરવા દો!

આવી સેવા વહોરનારાંને સામે પૂરે તરીને પાર ઊતરનારાં, રાજકોટની વલ્લભ કન્યા કેળવણી મંડળની વિશાળ સંસ્થાનાં નિવૃત્ત છતાં પ્રવૃત્ત રાહબર સુશ્રી સુભદ્રાબહેન શ્રોફને સાદર સલામ!

''પૂજ્ય બહેન, તમે તો કાઠિયાવાડની કન્યાઓને કેળવવા તમારા જીવનનું અખંડ દાન દઈ દીધું!''

''મેં સમાજમાંથી ભરપૂર સ્નેહ અને સંસ્કાર મેળવેલ છે; તેનું વળતર તો મારે આપવું પડે ને, ભાઈ! મારું પ્રિય જીવન-સૂત્ર છે : ''લેવું તે દેવાને કાજ!''

આવા ઉદાત્ત જીવનમૂલ્યને જીવનમાં ચરિતાર્થ કરનાર સુભદ્રાબહેનનો જન્મ તા.૯-૨-૧૯૧૫ના રોજ સૌરાષ્ટ્રના જેતલસર ગામે થયો હતો. પિતાજી ચીમનલાલ શ્રોફને શિક્ષણ, કળા, અને વિજ્ઞાનમાં વિશેષ રસ હતો. તેમણે વિદ્યાધામ વડોદરામાં 'કલાભવન'નું પ્રાચાર્યપદ સંભાળ્યું. દીકરા-દીકરીને સમાન ભાવે ઉછેર્યાં, માતા રાધાબહેન ખાસ ભણ્યાં ન હતાં તેથી કોઠાસૂઝ અકબંધ!

તે કાળનાં પ્રગતિશીલ રાજ્ય અને શહેર વડોદરામાં જ સુભદ્રાબહેને પોતાનું સમગ્ર શિક્ષણ મેળવ્યું.

પ્રાથમિક શાળામાં ચોથું ધોરણ પાસ કરીને મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. આમેય શિક્ષકો પ્રેમાળ અને પ્રમાણિક; તેમાં વળી વિદ્યાર્થિનીઓની સંખ્યા ઓછી રહે આથી ઘનિષ્ઠ અને ગુણવત્તાયુક્ત શિક્ષણને અવકાશ રહેતો. સુભદ્રાબહેન વરસોવરસ પાસ થતાં રહ્યાં. તે કાળે દેશમાં આઝાદી માટેનું આંદોલન ગતિ પકડતું જતું હતું. ઠેર ઠેર રાષ્ટ્રીય ભાવનાની લહર ફરી વળી હતી; તેમાં શાળાના શિક્ષકો શા માટે ધાબળો ઓઢીને ફરે? તેઓ પણ અંગ્રેજો સાથે મૈત્રી ધરાવતા વડોદરા રાજયના સરકારી નોકર હોવા છતાં વર્ગશિક્ષણમાં રાષ્ટ્રભાવનાનો પડઘો પાડતા

રહેતા અને બાળાઓ તે ઝીલતી.

સને ૧૯૩૨ના અરસામાં કોઈ રાષ્ટ્રીય નેતાનું અવસાન થતાં શહેરભરમાં હડતાલ પડી. સોળ વર્ષનાં સુભદ્રાબહેને, પિતા સરકારી નોકર હોવા છતાં, શહેરના અન્ય વિદ્યાર્થીઓ સાથે મળીને પોતાની અને શહેરભરની શાળાઓમાં હડતાલ પાડી અને પડાવી!

મહારાણી ગર્લ્સ હાઈસ્કૂલનાં આઈરિશ આચાર્યા આમ તો પોતાના આયર્લેન્ડના મુક્તિયજ્ઞના સાક્ષી હતાં. પરંતુ આ તો હતું ઈંગ્લેન્ડનું ગુલામ ઈન્ડિયા! એમણે હડતાલની આગેવાની લેનાર વિદ્યાર્થીઓને ઑફિસમાં તેડાવીને ઠપકો આપ્યો : ''સમજો છો શું? વ્હોટ ડુ યુ મીન?''

સુભદ્રાબહેને તો ટૂંકો જવાબ આપ્યો, ''નથિંગ.''

''તમે હડતાલમાં લીડર બનેલાં?''

''યસ મેડમ; પણ હું એક પ્રશ્ન કરું?''

''યુ મે...''

''એસ્કયુઝ મી, આપ અમારા જેવાં વિદ્યાર્થિની હો અને આપના દેશમાં આવું આંદોલન ચાલતું હોય તો આપે શું કર્યું હોત?''

આઈરિશ આચાર્યાના ચહેરા પરની કડકાઈ ખરી પડી ને તેના પર મલકાટનું ફૂલ ખીલ્યું! બહેન કહે : ''તમે કહો છો તે જ હું કરત! નાઉ યુ કેન ગો!''

મૅટ્રિક પાસ થયા પછી (૧૯૩૧) આગળ અભ્યાસ માટેનો સુભદ્રાબહેનનો ઉત્સાહ ઘટ્યો ન હતો. તે શાળાના મકાનમાં સવારે ચલાવાતી એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીની લેડીઝ કૉલેજમાં એમણે પ્રવેશ મેળવ્યો.

પ્રાચાર્ય હતા રાષ્ટ્રભક્ત દાદાભાઈ અમીન. વ્યવહારે જાણે વડીલબંધુ! વિદ્યાર્થીમંડળનાં મહામંત્રી સુભદ્રાબહેન તેમના શિક્ષણત્વથી પ્રભાવિત થયાં. કૉલેજના અભ્યાસક્રમ સાથે અનાયાસ રાષ્ટ્રભાવના વણાઈ જતી.

કૉલેજમાં ત્રણ વર્ષના અભ્યાસ પછી એમણે સ્નાતક કક્ષાની જી.એ.ની પદવી મેળવી. (૧૯૩૪) તેઓ કૉલેજમાં ફેલો તરીકે નિમાયાં. બે વર્ષ પછી પી.એ.ની અનુસ્નાતક પદવી હાંસલ કરી. હવે તેમને કૉલેજનાં લેક્ચરર તરીકે નિમણૂંક મળનાર હતી.

નવયૌવના પુત્રીનાં લગ્ન અંગે વડીલોએ વિચારવું શરૂ કર્યું હતું પરંતુ સુભદ્રાબહેનનું ચિત્ત તો જુદા જ ઘાટે વિહરતું હતું. તેમને થયું : કોઈ અજાણી વ્યક્તિ સાથે જોડાઈને જીવનનું નાવડું અનિશ્ચિતતાના સાગરમાં વહાવવું તે કરતાં એકલરામ હોવામાં શું ખોટું? દેશભરમાં જાનફેસાનીનો જુવાળ જાગ્યો છે તો ''જો-તો''નાં ઝાંખરાં હટાવીને તે જુવાળમાં જ ઝંપલાવી દેવામાં અનેરી મઝા! પુત્રીનાં અંતરાત્માએ કહ્યું તે વડીલોએ મંજૂર કર્યું. કવિ નાન્હાલાલની પંક્તિ સુભદ્રાબહેનના ચિત્તમાં ગૂંજી રહી : ''લેવું તે દેવાને કાજ!'' બહુ લીધું; હવે ઉમંગભેર શિક્ષણક્ષેત્રે જીવન ધરવાનું અરમાન!

શિક્ષણક્ષેત્રે સેવા આપવા માટે સુભદ્રાબહેને માધ્યમિક સ્તર પસંદ કર્યું. આ કામ તેઓ કોઈ રાષ્ટ્રીય સંસ્થામાં રહીને કરવા ઈચ્છતાં હતાં; તેવામાં નડિયાદના વિઠ્ઠલ કન્યા વિદ્યાલય વિશે તેમને જાણકારી મળી.

આ આવાસી કન્યા-સંસ્થામાં કેળવણીનો રાષ્ટ્રલક્ષી સ્વતંત્ર પ્રયોગ ચાલતો હતો. તેથી આકર્ષાઇને કૉલેજની લેક્ચરરશિપની ઑફરને સવિનય નકારીને તેઓ આ સંસ્થામાં જોડાયાં. તેઓ અહીં આરંભથી જ ઉપાચાર્ય તરીકે નિમાયાં. સુભદ્રાબહેન આ સંસ્થામાંથી વિદ્યાકીય અને વહીવટી અનુભવોથી સંપન્ન થવા માંડ્યાં. પોતાનો તાર્કિક અભિપ્રાય મક્કમતાથી વ્યક્ત કરવાની હિંમત પણ તેમનામાં કેળવાવા લાગી. ભવિષ્યમાં તેમના દ્વારા ઊછરનારી બીજી કોઈ સંસ્થાની જવાબદારીને તેઓ ન્યાય આપી શકે તેવું તેમનું ઘડતર થવા માંડ્યું. આ સંસ્થામાં તેમને શિક્ષણક્ષેત્રનાં જીવનભરનાં સંગાથી સુમતિબહેન વૈદ્ય અને સરલાબહેન પટેલનો આત્મીય પરિચય થયો. વિદ્યાક્ષેત્રની નિરાળી નવલકથા રચવા માટે પ્રભુ કેવી પાત્રવરણી કરીને ભૂમિકા રચી રહ્યા હતા!

નડિયાદની આ રાષ્ટ્રીય સંસ્થાનો અભ્યાસક્રમ અન્ય શાળાઓ કરતાં અલગ હતો. તેમની વિદ્યાર્થિનીઓને અપાતા 'વિનીત'ના પ્રમાણપત્રને આધારે પ્રવેશ આપવાનો કૉલેજો ઈન્કાર કરતી. આ સમસ્યાને ઉકેલવા માટે પ્રખર ચિંતક કિશોરલાલ મશરૂવાળાના અધ્યક્ષપદે સમિતિ રચાઈ. તે સમિતિના અન્ય ત્રણ સભ્યો પૈકી એક સુભદ્રાબહેન હતાં. સમિતિએ ચર્ચા કરીને ઉકેલની રૂપરેખા વિચારી લીધી હતી. તેવામાં સને ૧૯૪૨ની હાકલ પડી : 'હિંદ છોડો!', 'કરેંગે યા મરેંગે!'

વિઠ્ઠલ કન્યા વિદ્યાલયના કાર્યકરો પણ દેશ ખાતર કશુંક કરવા થનગની ઊઠ્યા. સંસ્થાને સાચવવા જતાં આંદોલનમાં સક્રિય રહી શકાય તેમ ન હતું. આ મૂંઝવણની ઘડીએ સરદાર વલ્લભભાઈએ સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું : ''સંસ્થા ઘંટીનું પડ ન બની રહેવી જોઈએ.''

આ સંકેત સમજીને જે શિક્ષકો લડતમાં જોડાવા ઈચ્છતા હતા તેમણે રાજીનામાં આપ્યાં. સુભદ્રાબહેન અને તેમના પ્રિય સંગાથી સુમતિબહેને પણ રાજીનામું આપ્યું.

લડતના પ્રચાર-પ્રસાર માટે એ બહેનોએ યોજેલ એક ગ્રામસભામાં પોલીસે આવીને ભંગાણ કર્યું. આયોજક બહેનોની ધરપકડ કરી. સુભદ્રાબહેનને ત્રણ માસના જેલવાસ માટે સાબરમતી મોકલવામાં આવ્યાં. અહીં જેલમાં બહેનોની સંખ્યા વધુ હતી. તેઓ સાથે મળીને વાંચે, વિચારે અને પરિચય કેળવે. ભક્તિબા અને દરબાર ગોપાલદાસનો પરિચય સુભદ્રાબહેનને અહીંથી થયો.

પુત્રી સુભદ્રાબહેનની ધરપકડ થયાના ખબર જાણીને માતા રાધાબહેનને એવો આઘાત લાગ્યો કે તેઓ ગંભીર માંદગીમાં પટકાયાં. એમની તબિયત દિવસો-દિવસ અતિ ગંભીર થવા માંડી. એમને જોવા માટે પેરોલ પર છૂટી શકાય તેમ હતું. ભક્તિબાએ કહ્યું : ''આ સંજોગોમાં જવામાં હરકત નહીં.'' પુરુષ વોર્ડમાં કેદ ભોગવતા અગ્રણી વડીલોએ પણ કહ્યું : 'જેમ કરવું હોય તેમ ખુશીથી કરો.'

પણ સુભદ્રાબહેનને માલીપાથી અવાજ સંભળાયા કર્યો : 'જે અંગ્રેજોની સામે જંગ માંડ્યો છે તેની પાસે શરતી છુટકારો કેમ યાચવો?' તેઓ જેલમાં હતાં તે ગાળામાં જ વહાલી માતાનો આત્મા શરીરની જેલમાંથી મુક્ત થયો!

જેલમાંથી છૂટ્યા બાદ સુભદ્રાબહેન ત્રણેક

વર્ષ (૧૯૪૨-૪૫) વડોદરા મુકામે પોતાના પિતાજી પાસે રહ્યાં. એક વર્ષ (૧૯૪૫-૪૬) મુંબઈ-ઘાટકોપરની એક રાષ્ટ્રીય શાળામાં જોડાયાં તો ખરાં પણ એમને તો કોઈ આગવી કન્યા-સંસ્થાનું શમણું સતાવતું હતું. મુંબઈથી પાછાં વડોદરા આવી રહ્યાં ને સ્થાનિક હાઈસ્કૂલમાં નોકરી કરવા માંડી; પણ પેલું શમણું ક્યાં નિરાંત લેવા દેતું?

પોતાના સહિયર સુમતિબહેન વૈદ્ય સાથે બેસીને સુભદ્રાબહેન ભાવિ જીવનકાર્ય વિશે વિચારણા કરતાં. શિક્ષણક્ષેત્રે કશુંક આગવું પ્રદાન કરવા માટેની તલપ બંને બહેનો અનુભવતાં. સને ૧૯૪૬ના એપ્રિલ માસનો એ ગાળો હતો.

આ બંને બહેનોની ક્ષમતાની પ્રતીતિ તો દરબાર ગોપાલદાસ અને ભક્તિબા તેમજ સંનિષ્ઠ લોકકાર્યકર ઢેબરભાઈને થઈ ચૂકી હતી. નડિયાદમાં હતી તેવી જ કન્યા-સંસ્થા રાજકોટ ખાતે શરૂ કરવા ધાર્યું હતું. તેમાં આ સુ'બહેનોની સેવા મેળવવાનું તેઓને અનિવાર્ય લાગ્યું અને વડોદરા આવીને એમને મળ્યાં. રાજકોટમાં કન્યા વિદ્યાલય શરૂ કરીને તેનું સંચાલન સંભાળવાનો પ્રસ્તાવ મૂક્યો.

બંને બહેનોએ વડીલોની સંમતિ મેળવી. સુભદ્રાબહેનના શિક્ષણપ્રેમી વિધુર પિતા ચીમનભાઈએ હર્ષભેર કહ્યું : 'તમે આવા જ કામમાં જીવન ગાળવાનો નિર્ણય કર્યો છે ત્યારે આ પ્રસ્તાવ જરૂર સ્વીકારી લો. મારા માટે ચિંતા ન કરશો. બધું ગોઠવાઈ જશે.'' આમ કહીને પોતાની ગોઠવણ સમજાવીને પુત્રી સુભદ્રાબહેનને તે બાબતે નિશ્ચિત કર્યાં; આમ રાજકોટ જવાનું નક્કી થયું.

તેવામાં વળી, પ્રખર મહિલા કાર્યકર પુષ્પાબહેન મહેતાએ વિકાસગૃહમાં સેવા આપવા આગ્રહ કર્યો, પરંતુ સુભદ્રાબહેનને તો શિક્ષણક્ષેત્રે જ સ્થિર થવું હતું. સમાજના અને વ્યક્તિના જીવનમાં પરિવર્તન અને પ્રગતિ તેઓ કન્યા-કેળવણીમાં જ જોતાં હતાં. આથી પુષ્પાબહેનના પ્રસ્તાવનો સવિનય અસ્વીકાર કરીને નક્કી કર્યા મુજબ રાજકોટનો રાહ લીધો. (એપ્રિલ, ૧૯૪૬)

જૂન'૪૬માં કડવીબાઈ વિરાણી કન્યા વિદ્યાલય અને તેના કન્યા છાત્રાલયની શુભ શરૂઆત કરી ત્યારે પચાસ કન્યાઓ વિદ્યાલયમાં અને ચાર કન્યાઓ છાત્રાલયમાં જોડાઈ હતી! સ્વરાજ્ય મળ્યા પછી તરતમાં રચાયેલ વલ્લભ કન્યા કેળવણી મંડળની રચના કરીને ટ્રસ્ટે ઉક્ત બંને સંસ્થાઓને મંડળમાં સમાવી લીધી. સુભદ્રાબહેન આરંભથી જ તેના આચાર્યપદે હતાં.

સંસ્થા સંચાલનનો નડિયાદ ખાતેનો પૂર્વ-અનુભવ હવે ઉપયોગમાં આવ્યો. આમ છતાં, તે વખતે સૌરાષ્ટ્રના ગ્રામ્ય જ નહીં, નગરસમાજમાં પણ કન્યા-કેળવણી અંગે ઉદાસીનતા જ નહીં, ઉપેક્ષા પ્રવર્તતી હોવાથી સુભદ્રાબહેન અને તેમના સાથીઓએ કપરું ચઢાણ આરંભવાનું હતું. એમ કહોને કે, તૈયાર ભાણું પીરસવાનું ન હતું; પીરસણનો અવસર મળે તે સ્થિતિએ પહોંચવા માટે ખેતર ખેડીને વાવણી કરવાની હતી!

સંસ્થામાં દાખલ કરવામાં આવતી કેટલીક બાળાઓને જ ક્યાં ભણવું હતું? એમને ઘર યાદ આવ્યા જ કરે; કોઈ અકળાઈને અંધારી રાતે સંસ્થા-બહાર નીકળી પડે ને તેની ગોત

માટે નીકળવું પડે; તો કોઈ સાજી-સમી બાળા ઘેર કાગળ લખે કે બહુ માંદી છું : તરત આવીને મને તેડી જાવ!

એક બાળાએ તો અહીંથી છટકવા માટે ઘેર લખ્યું કે સંસ્થામાં તો ઈંડા ખવડાવે છે! તેના જૈન પિતા તો તરત ધૂંઆપૂંઆ થતા આવ્યા : ''બહેન, આ હું શું સાંભળું છું? બહેનોને ઈંડા ખવડાવો છો?'' સુભદ્રાબહેને શાંત પાડીને કહ્યું, ''જુઓ ભાઈ, અમે તો અહીં જ બેઠા છીએ; તમે તમારી પુત્રી સાથે જ સંસ્થાનાં કોઠાર, રસોડાં ને ખૂણેખૂણો તપાસી લો. ઈંડા ખવડાવતાં હોઈશું તો કંઈક સાબિતી મળશે ને?'' વાલી ગૂંચવાયા. છેવટે તેમની પુત્રીને બોલાવીને સાચી વાત કહેવા સમજાવી ત્યારે તે બોલી : ''બહેન, મને અહીં ગમતું ન હતું. એથી મેં બાપુજીને લખેલું પણ તે અહીં આવતા જ ન હતાં; એટલે છેવટે ના-છૂટકે મેં આવું ખોટું લખ્યું!''

સંસ્થા શરૂ થયાના દિવસોમાં વીંછી-સાપ પણ ખૂબ નીકળતા. આથી બાળાઓ ડરની મારી બૂમો પાડે ને નાસભાગ કરે. સુભદ્રાબહેનને થયું કે પહેલો પાઠ તો અભયનો જ શિખવાડવો જોઈએ. વીંછી નીકળ્યાની ફરિયાદ કરતી બાળાને કહ્યું : ''તારી પાસે ચંપલ છે કે નહીં?''

''હા, બહેન એ તો છે.''

''તો તે જોરથી વીંછી પર પછાડો, વીંછી શું કરશે?''

એક વખત સંસ્થામાં સાપ નીકળ્યો, સુભદ્રાબહેને મોટું તપેલું મંગાવીને ધીમે પગલે પાછળથી જઈને સાપના મોં પર ઢાંકી દીધું. સાપ ગભરાઈને કોકડું વળીને તપેલા નીચે સંતાઈ ગયો. પછી પતરું મંગાવ્યું અને સાથીને કહ્યું : ''હું ઉપરથી તપેલા પર ભાર મૂકું છું, તમે નીચેથી તપેલાને તળિયે પતરું સરકાવો.'' તેમ કરવાથી સાપ પતરા પર આવી ગયો. હવે તપેલાની ઉપર-નીચે હાથ રાખીને સાથીભાઈઓ સાપને સંસ્થા પાછળની રેલવે લાઈનના ખાડામાં નાખી આવ્યા. સૌને હિંમત આવી ગઈ.

સંસ્થાના વિકાસ માટે નાના-મોટી બાબતે સહકાર આપવા માટે ટ્રસ્ટીઓ તત્પર રહેતા. એમણે સંસ્થાની આંતરિક કાર્યવાહીની બધી જ જવાબદારી સુભદ્રાબહેન, સુમતિબહેન, સુશીલાબહેન, સરલાબહેન વગેરે સ્વયંસેવિકાઓને સુપરત કરી દીધી. આ બહેનો સંસ્થાની બે દાયકા લગીની સેવા માટે વચનબદ્ધ હતાં. જો કે રહ્યાં જીવનભર! તેમની આ ભાવનાના મૂળમાં ટ્રસ્ટીઓનો તેમના તરફનો સ્વચ્છ અને ઉદાર અભિગમ હતો.

સંસ્થાના વિકાસ અને નિભાવ માટે નાણાંની જરૂર તો પડ્યા જ કરી. આ માટે દાન મેળવવા માટે સને ૧૯૫૪માં ભક્તિબા અને મનુભાઈ બક્ષી સાથે સુભદ્રાબહેન પૂર્વ આફ્રિકા જઈ આવ્યાં. એ જ હેતુસર એડન પણ ગયાં. (૧૯૫૭) મુંબઈ અને સૌરાષ્ટ્રના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઝોળી ફેરવી. સુભદ્રાબહેન ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો આર્થિક સહયોગ મેળવવામાં પણ સફળ રહ્યાં. તેવી એક વિદ્યાર્થિની તો સંસ્થામાં આવીને બહેનને ભેટી પડી. કહે ''મારા પતિ તો અવારનવાર મંદિરમાં પૈસા આપે છે, મેં કહ્યું મારું મંદિર તો હું ભણી તે મારું વિદ્યાલય જ છે; તો મારા પતિ કહે કે તારા મંદિરમાં તુંય ભલે આપ!'' આમ કહીને

તેણે ત્રીસ હજાર રૂપિયાનો ચેક સુભદ્રાબહેનને ચરણે ધરી દીધો!

આમ સૌના સહકારથી સંસ્થા વિકસતી ચાલી, હાઈસ્કૂલ ઉપરાંત પ્રાથમિક શાળા, અધ્યાપન મંદિર, બાળમંદિર, બાળઅધ્યાપન મંદિર અને ઉચ્ચ માધ્યમિક શાળા અને વિદ્યાવડલાનો છાંયડો વિસ્તરતો રહ્યો. આથી તે બધી શાખાઓનું સંકલન કે નિયામકની જગા શરૂ કરવામાં આવી; સુભદ્રાબહેને આચાર્યપદ ઉપરાંત આ નવી જવાબદારી પણ સ્વીકારી (૧૯૬૦) અને સારી રીતે નિભાવી.

વિદ્યાભ્યાસ પૂરો કરીને જતી વિદ્યાર્થીઓને સુભદ્રાબહેન ઉદ્‌બોધતાં : ''બહેનો, હવે તમે વિશાળ દુનિયામાં જાવ છો : ત્યાં તમને ઘણા સારાનરસા અનુભવ થશે; તેમાંથી પાર પડવાની ઈશ્વર તમને શક્તિ આપે. ક્યારેક મૂંઝાવ ને માર્ગ ન સૂઝે તો ગભરાવું નહીં આ વિદ્યાલય તમારું જ છે; વિદ્યાલયનાં બારણાં તો શું, તેના હૃદયનાં દ્વાર પણ તમારે માટે હંમેશાં ખુલ્લાં જ છે.''

આવી હૈયાધારણાને લીધે એક ભૂતપૂર્વ વિદ્યાર્થિની હિંમતભેર ઘર છોડીને વિદ્યાલયમાં ચાલી આવી હતી. વહેમી અને અદેખા પતિએ જીવતરમાં ઝેર રેડવા માંડ્યું હતું. તેને આશ્વાસન આપતાં સુભદ્રાબહેને કહ્યું : ''બેટા, એક વાત યાદ રાખજે. કદી આપઘાતનો વિચાર ન કરતી. ન જ સહેવાય તો અહીં આવતી રહેજે.'' છેવટે એમ જ થયું અને તે બહેન નવા સ્વરૂપે સંસ્થામાં ઓતપ્રોત થઈ ગઈ.

તેની વિદ્યાર્થિનીઓ જ નહીં, પરિવારના સિતમનો ભોગ બનેલી બે'ક મુસ્લિમ બહેનોએ પણ સુભદ્રાબહેન પાસે આપદો વર્ણવી હતી. બહેને પોતાને ત્યાં એમને આશરો આપ્યો. સંચો સીવતી કરી કે સંસ્થામાં સાથીની જગ્યા થતાં તેમને ગોઠવી દીધી હતી.

સ્વયંપાકી રસોડામાં જાડી-મોટી કે કાચી-પાકી રોટલી વણતી-દોડતી ભાનુની સામે બેસીને નિયામક સુભદ્રાબહેન તેને માતાની જેમ ધીરજથી રોટલી વણતાં શીખવે! રક્ષાપૂનમને દિ' છાત્રાલયમાંના સૌના સ્વાસ્થ્યરક્ષાની ભાવના સાથે સૌથી નાની બાળાને સુભદ્રાબહેન રાખડી બાંધતાં!

પ્રેમનો આ તાંતણો એવો તો મજબૂત કે લાંબા સમય સુધી બીમાર રહેતી બાળાનો ખાટલો બહેનના નિવાસમાં ગોઠવાઈ જાય. મોસંબીનો રસ જાતે જ કાઢીને આપે; તેવી એક બીમાર બાળા ઈન્દુની બા સંસ્થામાં આવ્યાં ને પુત્રીને ઘેર લઈ જવાની તૈયારી કરી, સુભદ્રાબહેન કહે : ''બા ઈન્દુને મટે નહીં ત્યાં સુધી તેને ઘેર લઈ જવાય નહીં; સંસ્થામાં બીમાર પડી છે તેથી જવાબદારી અમારી ગણાય. તમારે અહીં રહેવું હોય તો થોડા દિવસ રહી જાવ. ઈન્દુ સાજી થાય ત્યારે ભલેને લઈ જજો!''

બાળાઓના દિલનાં સ્પંદનો અને સ્વમાનની કાળજી લેતાં સુભદ્રાબહેન પાસે વાત પહોંચી : ''બહેન, છોકરીઓ જમતી નથી; ગૃહમાતા સાથે કંઈક વાંધો પડ્યો છે.'' બાળાઓને તત્કાળ જમી લેવી સમજાવીને સાયં પ્રાર્થનાસભા પછી ગૃહમાતા રૂબરૂ ફરિયાદ સાંભળી. ગૃહમાતાએ પોતાની ભૂલો કબૂલી અને બાળાઓ સંતોષ સાથે રાજી રાજી!

આ બાળાઓ સંસ્થા વતી, પૂરહોનારત,

ધરતીકંપ કે દુષ્કાળ જેવા સામાજિક સંકટો વખતે ફાળો કરે અને ફૂલપાંખડી દીધાનો સંતોષ મેળવે તેમાં શી નવાઈ? લેવું તે દેવાને કાજ!

સુભદ્રાબહેને પોતાની શાળા-સંસ્થામાં પ્રવાસ અને પ્રદર્શનો માટે બાળાઓને પ્રોત્સાહિત કરી; શ્રમ અને સફાઈ બાબતે તેમની સૂગ દૂર કરી, શાળામાં એમણે વિકસાવેલ 'પ્રગતિપ્રથા' ઘણી શાસ્ત્રીય અને સર્વાંગી છે. હાલની ટકાવારીની ઘેલછા, ટ્યૂશનબદી અને પ્રવેશ-ધસારા જેવી પરિસ્થિતિમાં આ પ્રથાને કિનારે મૂકી દેવી પડી તેનો તેમને ખેદ છે. મૂલ્યાંકનવિધિ પણ પુનર્વિચારણા કરતી વખતે તે પ્રથા જરૂર સંદર્ભવી પડે તેવી છે.

સને ૧૯૬૬માં આચાર્યપદની જવાબદારીમાંથી મુક્ત થઈને સુભદ્રાબહેને છેક ૧૯૮૯ લગી નિયામક તરીકેની કામગીરી બજાવી. તે પછીથી તેઓ સંસ્થાના ટ્રસ્ટી અને મંત્રીપદની જવાબદારીનું વહન કરી રહ્યાં છે. એમને રાજ્ય સરકારનો શ્રેષ્ઠ શિક્ષક ઍવોર્ડ એનાયત થયો હતો. (૧૯૬૪) રાજકોટના નાગરિકો તરફથી સન્માન થયું. (૧૯૮૮) અને વાલજીભાઈ ભાલોડિયા પ્રેરિત 'સુભદ્રાબહેન ચિ. શ્રોફ શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક યોજના' રાજકોટની મર્યાદામાં શરૂ થઇ. (૧૯૯૨)

સંસ્થાકીય જવાબદારીઓને ન્યાય આપવા ઉપરાંત પ્રાથમિક શિક્ષણ, એસ.એસ.સી. બોર્ડ, રાજ્ય શિક્ષણ સલાહકાર સમિતિ, બુનિયાદી શિક્ષણ સમિતિ, પાઠ્યપુસ્તક મંડળ, આકાશવાણી, બાળઅદાલત, મહિલા ઉદ્યોગ મંદિર અને સરદાર વલ્લભભાઈ સ્મારક ટ્રસ્ટ જેવી અનેકવિધ સમિતિઓમાં સભ્યપદે રહીને પોતાની સૂઝબૂઝનો લાભ આપ્યા કર્યો.

'ઉદાત્ત શિક્ષણ' અને 'કોડિયું'માં શૈક્ષણિક લેખો લખવા ઉપરાંત એમણે પુસ્તકરૂપે 'ઢેબરભાઈની જીવનઝરમર' પણ સુલભ કરી આપી. આકાશવાણી પરથી તેમના વાર્તાલાપો પણ પ્રસારિત થયા કર્યા છે.

હાલ રાજકોટના વિશાળ કન્યા વિદ્યાલયના સંસ્થા સંકુલના રસ્તે કંઈક ધીરી ચાલે આસપાસ અવલોકતાં જતાં એંસીને આરે પહોંચેલાં આ શ્વેત વસ્ત્રધારી સુભદ્રાબહેન વિદ્યાવાડીમાં ખીલેલાં ફળ-ફૂલો જોઈને કેવું મીઠું મલકી રહ્યાં છે! થોડું એમની સાથે રાજકોટના પ્રિય મિત્ર ડૉ. જનકરાય દવેની સાક્ષીએ ચાલીને એમના નિવાસે આત્મીય સ્વાગત પામ્યા પછી કહ્યું, ''બહેન, આપના આ વિદ્યાલયનું લક્ષ્ય ચીલાચાલુ તો ન જ હોય!''

''ખરું છે, ઈશ્વરભાઈ, અમારું લક્ષ્ય આ વિદ્યાલય દ્વારા માત્ર દેશસેવિકાઓ તૈયાર કરવાનું નથી. એવડી બધી મોટી વાત અમે કરતાં પણ નથી. અમે તો નીચેનો પાયો પકડીને ચાલવા માગીએ છીએ. સમજુ, સુશિક્ષિત અને સંસ્કાર-સંપન્ન ગૃહિણી અને માતાઓ તરીકેનું કર્તવ્ય બજાવવા માટે આપણી કન્યાઓને યોગ્ય વાતાવરણ અને તાલીમ મળી રહે એવું શિક્ષણ આપવાની અમારી કલ્પના છે, ઈચ્છા છે.''

''આપની દૃષ્ટિએ શિક્ષણ-સંસ્થા કેવી હોય?''

''શિક્ષણ-સંસ્થા એટલે ફક્ત પુસ્તકિયું શિક્ષણ કે માહિતી આપતી સંસ્થા નહીં; પણ તેમાં સંસ્કાર, હિમ્મત, સેવા, સંપ, સાદાઇ,

(અનુસંધાન પૃષ્ઠ ૩૭ ઉપર)

# સૂપડું સવા લાખનું, ઝાટકો રે ઝાટકો

- પાલખીવાલા અમિતાબેન મનુભાઈ

પરોઢિયે લીલી કોમળ ડાળીઓ પર કલરવ કરતાં પંખીઓ સાથે જેમની સવાર પડે છે અને સૂર્યાસ્ત સુધી મહેનત કરતાં પૃથ્વી, જળ, જમીન, જંગલ સાથે જોડાયેલા આદિવાસી સમૂહોની કાર્યપદ્ધતિ, જીવનશૈલી વગેરે વિશે સચોટ અંદાજ મેળવવાનું કાર્ય મુશ્કેલ છે. આમ છતાં પણ તેમને સમજીને કેટલુંક વિચારમંથન થાય અને લુપ્ત થતું બરછટ અનાજ વિશ્વ સમક્ષ પહોંચાડાય તે આજના સમયની માંગ છે. તો સ્મૃતિમાંથી વિદાય લેતા આ સમુદાયોનું મધુર ગીત-સંગીત તેમની સીમાઓ વળોટીને બહાર આવે તે પણ એટલું જ જરૂરી છે. RRA (Revitalising Rainfed Agriculture) નેટવર્ક અનેક રાજ્યોમાં વિવિધ સંસ્થાઓ અને સભ્યો સાથે વરસાદ આધારિત વિસ્તારો ઉપરાંત આદિવાસી અને શુષ્ક વિસ્તારોમાં બરછટ અનાજ, બિયારણ, બજાર, પાણી, જંગલના હક્ક, સંશોધનો વગેરે અંગેનું કામ કરે છે. ગાયક ગીતકાર-સંશોધક ચારૂલ ભરવાડા અને વિજય મહાજને RRAના સહકારથી રાજસ્થાન, ગુજરાત અને હિમાચલ પ્રદેશના આદિવાસીઓના વાવણીથી લણણી સુધીના ખેતી ગીતો, ધાર્મિક ગીતો, ઉત્સવ ગીતો, ઋતુ ગીતો, પ્રકૃતિ ગીતોના ખજાનાનું સુંદર દસ્તાવેજીકરણ કરીને લોકો સમક્ષ મૂકવાનો ઉત્તમ પ્રયાસ કર્યો છે. “Meeting Millets In our Farm Songs” અંતર્ગત ૨૦૨૩માં નહેરૂ ફાઉન્ડેશન ખાતે યોજાયેલ ગીત-સંગીતના કાર્યક્રમની પ્રસ્તુતિ અહીં કેટલાંક પાનાઓમાં ઉતારીને વસુંધરાનો ‘બરછટ ખોળો’ પામેલા ‘બરછટ અનાજ’ ઉગવતા આ આદિવાસી સમુદાયોની કથા-વ્યથા, આનંદ, સંઘર્ષ, આચાર-વિચાર, રીતરિવાજો, રહેણીકરણી, તેમનો ઈતિહાસ વાચકો સુધી પ્રમાણિકપણે પહોંચાડવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

આદિવાસી, આદિકાળથી ગાઢ જંગલ કે દુર્ગમ પ્રદેશના અંતરિયાળ વિસ્તારમાં વસવાટ કરતા આ લોકોને ભારતમાં આદિવાસી તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વફલક પર એમને મૂળ વસાહતીઓ તરીકે પણ ઓળખવામાં આવે છે. આદિવાસી સમાજો વૈવિધ્યસભર હોય છે. કુદરતી પરિબળો અનુસાર તેમના શારીરિક બંધારણ, રહેઠાણ, ખોરાક, વેશભૂષા, કલા કૌશલ્ય, ધર્મ, રમતગમત વગેરે બદલાય છે. જન્મ, લગ્ન, મરણ વગેરેને લગતા સામાજિક રીતરિવાજો અને ધાર્મિક ક્રિયાકાંડમાં વપરાતી વસ્તુઓ પણ ભૌગોલિક સંપત્તિને અનુકૂળ હોય છે. તેમનું જીવન સૌથી વધુ કુદરતને આધિન હોય છે. જંગલમાં વસતા પશુ, પક્ષીઓ સાથે એમણે સહિષ્ણુતાના સંબંધો જાળવ્યા છે. ભલે તેઓ સંપૂર્ણપણે શાકાહારી નથી હોતા પણ ફળફળાદિ, વન્ય પેદાશો અને બરછટ અનાજ એમના ખોરાકની વિશિષ્ટતા છે.

ગુજરાતના આદિવાસીઓમાં મુખ્યત્વે

ચૌધરી, કૂકણા, તડવી, વારલી, ભીલ, ઘોડિયા, ગામિત, વસાવા, નીનામા, રાઠવા, નાયક, હળપતિ, ડામોર, કોટવાળીયા, કટારા વગેરેનો સમાવેશ થાય છે.

આદિવાસી લોકોની બોલી (ભાષા) 'ભીલી' છે. 'ભીલી' ભાષા પશ્ચિમી હિન્દુ-આર્ય ભાષાઓના સમૂહથી બનેલી છે. જેમાં મારવાડી, હિન્દી, અંગ્રેજી, ઉર્દુ, ઉડીયા, બંગાળી, મારવા, સિંધી, કચ્છી, તામિલ, વાગડી, સંસ્કૃત, મરાઠી, ગુજરાતી વગેરે ભાષાઓનો સંયુક્ત પ્રયોગ હોય છે. ભારતમાં રાજસ્થાન, ગુજરાત, મહારાષ્ટ્ર તથા મધ્યપ્રદેશમાં વસવાટ કરતાં ભીલ લોકો આ બોલી બોલે છે. જેને બીજા શબ્દમાં 'ભીલબોલી', 'ભગોરિયા', 'ભિલાલા' અને રાજસ્થાનમાં 'વાગડી ભાષા'ના નામથી પણ ઓળખવામાં આવે છે. તેનું લિખિત સ્વરૂપ દેવનાગરી છે.

આ આદિવાસી પ્રજાને નૃત્યનું લાસ્ય તેમના લોહીમાં છે. સંગીતને સૂર તેમના કાનમાં વણાયેલો છે; ગીતોના જાદુથી તેમના નયન-અંગ ફરકે છે; વાંસળીના સૂરમાં, સંગીતના તાલમાં, શબ્દોના લયમાં, પાયલના રણકારમાં, ડફલીની ધૂનમાં, મંજીરાની મધુરતામાં, તબલાની થાપમાં એમણે લયબદ્ધ ગીતો રચ્યા. ચાંદાને પૂજનારા, સૂર્યને પૂજનારા, ધરતી માતાને પૂજનારા આ લોકોના ગીતોની ગૂંથણી વર્ષા અને પ્રકૃતિ સાથે સંબંધોની ગહરાઈમાં, પહાડોની હવામાં, વરસાદના દરેક બૂંદમાં, વર્ષાની હેલીમાં, કુદરતના કણકણમાં, પાંદડાના હલનચલનમાં, સૂર્યોદયની લાલિમામાં, સંધ્યાની શીતળતામાં, પક્ષીઓના કલરવમાં, કળાયેલ મોરમાં, મેઘની ગર્જનામાં, ખળખળ વહેતા ઝરણામાં, શાંત સરોવરના પાણીમાં, વરણાગી વસંતમાં, કામણગારા કેસૂડામાં, ટમટમતા તારાના ઝૂમખામાં, બળતા બપોરમાં, વાત વંટોળમાં, વનમાં ભટકતાં પણ તેમના ગીતોની ઝમક (લય) જોવા મળે છે. અસંખ્ય ગીતોની ભરમાર છે. આ પ્રજા પાસે સંગીત તેમની નોંધોમાં નથી. પણ તેમના જીવનનો આત્મા છે. સંગીત જ તેમના વચ્ચેની સંવાદિતાનું સંયોજન છે.

સંગીત વગરનું તેમનું જીવન અધૂરું, સંગીત વગર દરેક પ્રસંગ અધૂરા, સંગીત વગર દરેક તહેવાર અધૂરા. સંગીતની લલિતકળા તેમને સહજ છે. સંગીત જ તેમના જીવનનો આત્મા છે. સંગીત પ્રત્યેનો તેમનો પ્રેમ અને જુસ્સો અનેરો છે. આથી જ જેટલા પ્રકારની માનવ સ્વભાવની લાગણીઓ છે તેટલા પ્રકારના તેમના ગીતો છે. હોળી, દિવાળી, દિવાસો, સામા પાંચમ, ભગોરિયા ઉત્સવ કે કુલ્લુ દશેરા ઉત્સવ જેવા તહેવારો તેમના માટે ગીત-સંગીત-નૃત્ય વિના અધૂરા. એમની લોકકથા, લોકગીતો, જન્મથી મૃત્યુ સુધીના સંસ્કાર, દૈનિક સમસ્યાઓ, સમારંભો, ધાર્મિક વિધિઓ, પૂજાપાઠ, માન્યતાઓ રોજિંદી ખાદ્યપદ્ધતિ, સુખ-દુઃખ, રીતભાતો, વિચારો, નીતિરીતિ, ધર્મશ્રદ્ધા, ગઝલ, ભજન-કીર્તન, કહેવતો, કોયડા, સંઘર્ષો, આંદોલન, યુદ્ધ, શિકાર, વાવણી, નીંદણથી લઈને રોટલો ચૂલા પર ચડે કે બાજરીની ખીરની સુગંધ યાદ આવે તો તેના પર ગીતો કે સોહરાઈ જ્યારે ચોખાનો નવો પાક આવે તો તેના પણ ગીતો-આમ એમના જીવનમાં ડગલે ને પગલે સંગીત વણાયેલું છે. આ પ્રજાનો સાહિત્યિક વારસો સમૃદ્ધ અને

સશક્ત છે. અલબત્ત તેમના ગીતોનું કોઈ લિખિત સ્વરૂપ નથી કે નથી તેનું કોઈ દસ્તાવેજીકરણ થયું. એમનું સાહિત્ય માત્ર મૌખિક જ રહ્યું. આ દરેક પ્રસંગ પરના ગીતો કોણે ગાયા, ક્યારે ગાયા એની પણ કોઈ જાણ નથી. પણ એક માણસના મુખેથી બીજા માણસના મુખે, એક જમાનાથી બીજા જમાનામાં અને પેઢી દર પેઢીથી વારસા તરીકે તેનું મૌખિક હસ્તાંતરણ જ થતું રહ્યું છે.

અરે! છપ્પનિયા દુષ્કાળ પરનું ગીત તો દસ દિવસ સુધી દિવસ-રાત બેસે તો પણ ગીતથી કથા પૂરી ના થાય. દુષ્કાળના સમયનું એટલું આબેહૂબ વર્ણન ગીતમાં છે; માત્ર સ્મૃતિમાં જળવાયું છે. હાર્મોનિયમના 'major' કે 'minor' કોડ્સની કોઈ ('major' કોડ્સ ખુશીના અને 'minor' કોડ્સ દુઃખના) સમજ ના હોવા છતાં પણ સુખ-દુઃખમાં ગવાતા ગીતો જુદા છે, તેના ભાવ જુદા છે. આ આખો સમાજ જ સંગીતમય છે. સંગીત જ તેમની સાર્વત્રિક ભાષા છે.

દાહોદ, પંચમહાલ, ડુંગરપુર, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ, દેવગઢ બારિયા જિલ્લાના બરછટ અનાજને ઉગાડનાર અને સાચવનાર આદિવાસી પ્રજામાં બોલાતી ગમેતી ભીલી, ગરાસિયા ભીલી, રાઠવા ભીલી, ડોગરી ભીલી, વાગડી, હિન્દી વગેરે અલગ અલગ બોલીના ગીતોને સમજીને કાગળ પર ઉતારવાનું ભગીરથ કાર્ય ચારૂલ ભરવાડા અને વિનય મહાજને કર્યું. ઉપરાંત કેટલાંક સ્વરચિત ગીતોનો પણ તેઓએ સૂર રેલાવ્યો અને આ સમગ્ર સંગીતમય કાર્યક્રમમાં બરછટ ધાન્યની સૂર, સંગીત સાથે અભૂતપૂર્વ યાત્રા કરાવી.

વિશ્વભરના ખેત સમુદાયો ખેતરના કામો અને સંબંધિત પ્રવૃત્તિઓ કરતી વખતે ગીતો ગાય છે. હવે જે સમુદાય પાસે આટલી વૈવિધ્યતાવાળા અગણિત ગીતો હોય તેની પાસે ખેતી ગીતો ના હોય એ શક્ય બને ખરું? વાવણી, અંકુરણ, નીંદણ, લણણી, વીડીંગ કરવું (weeding - બિનજરૂરી જંગલી પ્લાન્ટ્સને ખેતરમાંથી કાઢી નાખવું) સંગ્રહ, મિશ્ર પાક, ઘાસ કાપવું, પાકને પક્ષીઓ ખાઈ ના જાય, પાકને સાફ કરવો, મકાઈમાંથી ડૂંડા કાઢવા, દળવું, ચરાવવું આવા દરેક ખેતીકાર્ય માટે તેઓ ખેતીગીતો રચે છે; ગાય છે. તે જ રીતે ઋતુગીતો, જેમાં અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિના ગીતો, મેહ માંગના ગીતો, ભારે વરસાદને રોકવાના ગીતો, વરસાદની ફરફર, ફોરા, મુશળધાર વરસાદ, હેલી, ધોમધખતો તાપ, મિશ્ર પાક- આમ દરેક પ્રસંગના, દરેક ઋતુના અધધ થઈ જવાય એટલા ગીતો આ સમાજ પાસે છે. વળી, વિવિધ પ્રકારની બાજરીના વાવેતરના ગીતોમાંથી તો બંટી, કુરી, બાવટો, જવ, જુવાર, નાચની, કોદરા, મંડિયા, ભંગોરા, હોમેલ (સામો), કુટકી, ચેના, જેવા કેટલાય મિલેટ્સ પણ જાણવા મળ્યા એમના ગીતોમાંથી!

ગીત, સંગીત, નૃત્ય તો આ વિચરતી પ્રજાના કામનું, એમના જીવનનું એક અભિન્ન અંગ છે. એમાંથી ઉદ્ભવેલા કેટલાંક પ્રશ્નો, થોડી જિજ્ઞાસા અને ઉત્સુકતાએ ચારૂલ અને વિનયને ગુજરાત રાજસ્થાનના આદિવાસી સમાજમાં અને હિમાલયના પહાડોમાં ગવાતા ખેતી ગીતોનું દસ્તાવેજીકરણ કરવાની તક સવ્યસાચી દાસ

અને RRA નેટવર્કિંગ (Revitalisting Rainfed Agriculture) આપી.

પ્રશ્નો તો ઘણાં હતાં. લિપી નહી ધરાવતી આ ભાષાની મૌખિક પરંપરા રહી હોવા છતાં પણ તેમનું જ્ઞાન, અનુભવ, સાહિત્ય સર્જન, તેમનો ઈતિહાસ કઈ રીતે નવી પેઢી સુધી પહોંચતો હશે? સમજાવતા હશે? શીખવતા હશે? સ્પર્શ કરાવતા હશે? એ બધામાં ગીતોની શી ભૂમિકા? આ બધા પ્રશ્નોના ઉત્તર શોધવાની તેમને તક મળી ત્યારે એમના મગજની સ્મૃતિમાં અકબંધ થયેલ ૨૦૦૮ની ઘટના પુનર્જીવિત થઈ. એ સમયે ગુજરાતના કચ્છના નાના રણમાં મીઠું પકવતા અગરિયાઓના અભ્યાસ વખતે વેરાન રણની નીરવ શાંતિમાં ફીલ્ડવર્ક કરતી વખતે તેમને ડીઝલનો ઠક ઠક ઠક ઠકનો અવાજ અને અંગરમાં કામ કરતાં કરતાં અગરીયા ભાઈ-બહેનોનો ગીતો ગાવાના અવાજ જેવો જ અનુભવ, તેમને માલધારીઓના જીવનના અભ્યાસ વખતે થયો. માલધારીઓ પોતાના ઘેટાં, બકરાં અને ઊંટને ઘાસીયા મેદાનમાં ચારવા લઈ જતા હોય ત્યારે વાંસળી વગાડતાં કે ઊંચા અવાજે ગાતા હોય તેનો થયો. પ્રકૃતિ અને સંસ્કૃતિ સાથે સમન્વય સાધીને જીવતા આ આદિવાસી સમુદાયની ખેતીની સંઘર્ષપૂર્ણ કથા કે ખેતી સંબંધિત તેમનું જ્ઞાન, આનંદ, શાણપણ દર્શાવતા ગીતોને આપણે માણીએ તે પહેલાં કેટલાંક પરંપરાગત ખેતીના ઓજારોનું થયેલું વિશ્લેષણ પણ જાણવા જેવું છે.

પંચમહાલ અને દાહોદથી ખેતીના ઓજારો લઈને આવેલી બહેનોએ એમના ખેતીના ઓજારોનું નિદર્શન કર્યું. જેમાં ખેતીના સૌથી પ્રાચીન ઓજાર એવા હળ બનાવવાની પ્રક્રિયા અને હળના અલગ અલગ ઘટકો જેવા કે હળનો મોભ, હાથો, મૂંઠો, કમહરો (કસમારો), સવડું, (ચવડું), આલ (હાલ), આગળી, જોતર, ઘુસડું (ઘુંસ), રાશ (જોતર) વગેરે અંગેની સમજ આપવા સાથે હળમાં વપરાતા સખત અને નરમ લાકડાના ઉપયોગની પણ માહિતી આપી. જમીન નીચે જતો હળનો ભાગ જેને સવડુ કહેવામાં આવે છે તે મજબૂત અને વોટરપ્રુફ હોવું જરૂરી હોવાથી તેમાં સાગના લાકડાનો ઉપયોગ કરવામાં આવે છે અને પરંપરાગત ખેતીમાં બળદ કે ઘોડાઓના ઉપયોગમાં તેમના ઉપર જે લાકડું હોય જેને ઘુંસડુ (ઘુંસ) કહે છે. તેમાં મોટાભાગે સવન કે આંબાનું લાકડું વપરાય છે. હળમાં લાકડાની, લોખંડની અથવા સ્ટીલની ફ્રેમ હોઈ શકે છે. જેમાં માટીને કાપવા અને ઢીલી કરવા માટે બ્લેડ જોડાયેલ હોય છે. જે દ્વારા સૌથી ઉપરની જમીનને ફેરવવામાં આવે છે અને તાજા પોષકતત્ત્વો સપાટી પર લવાય છે. હળ દ્વારા ખેતરમાં ચાસ પાડવામાં આવે છે. અને તાજા પોષકતત્વો સપાટી પર લવાય છે. હળ દ્વારા ખેતરમાં ચાસ પાડવામાં આવે છે. આ તો માત્ર સામાન્ય હળ હતું પરંતુ વિવિધ હેતુ માટે છીણી હળ, છછુંદર હળ, કોદાળી હળ જેવા હળ પણ જમીનની લાંબાગાળાની ફળદ્રુપતા વધારવા માટે ઉપયોગી હોય છે. (હિન્દુ ધર્મ પ્રમાણે સવન લાકડું પવિત્ર, શાંતિ અને સમૃદ્ધિ લાવનારું ગણાય છે. જે ઘરમંદિરમાં વપરાય છે.)

ગાડા દોડે, ઘૂઘરા બોલે
બળદ કેરાં શીંગડા ડોલે.

ખેતીનું બીજુ સાધન રાશ (દોરી). બળદને હળ અથવા કોઈપણ કામ માટે જોતરવાનો હોય તો તેને બાંધવાનું દોરડું એટલે રાશ. બળદને દિશાસૂચન માટે રાશ મહત્ત્વનું સાધન છે. જો બળદને જમણીબાજુ વાળવો હોય તો રાશનો સહેજ ઈશારો જમણી બાજુ કરવામાં આવે છે અને તે વખતે મોંઢેથી બુચકારો કરી આહા આહા... બોલાય. (પણ બોલવું જરૂરી નથી) અને બળદને ડાબી બાજુ વાળવા માટે રાશનો ઈશારો ડાબી બાજુ ખેંચીને (સામાન્ય ખેંચવું) કરવામાં આવે છે. (અહીં પણ બુચકારો કરવો જરૂરી નથી હોતો) બીજા શબ્દમાં કહીએ તો રાશ એ બળદને વાળવા માટેનું સ્ટીયરીંગ છે.

પહેલાના જમાનામાં ભીંડી નામની વનસ્પતિ થતી. વર્તમાનમાં પણ ક્યાંક જોવા મળે છે. ૨૦૨૩ના ડિસેમ્બર માસમાં, અમદાવાદમાં યોજાયેલ 'સાત્વિક મહોત્સવ'માં આ વનસ્પતિ જોવાની તક મળી હતી. ભીંડી પાકે એટલે તેમાંથી દાણા ખંખેરી લઈને નદીમાં કે અન્ય જગ્યાએ પાણીમાં ૧૦ થી ૧૨ દિવસ વનસ્પતિને ડૂબાડી (કોહવડાવવાથી તેની છાલ સરળતાથી ઉતરે) અને તેની રેશમી છાલને ચકરડીએ ચડાવી વળ ચડે તેને ગૂંથીને દરેક ખેડૂત નવરાશે રાશ બનાવતા. વર્તમાનમાં સુતરની રાશનો અથવા રબરના પટ્ટાનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

એક એક બીજ અમે વાવ્યું રે લોલ!
પાણીડાં પાયા રે લોલો!
ફણગા એને ફૂટયા રે લોલ!
પાંદડા એને આવ્યા રે લોલ!
કળીઓ એને બેઠી રે લોલ!
મરવા એને આવ્યા રે લોલ!

જૈવવિવિધતા સંરક્ષણના મહત્ત્વના પાસાઓમાંનું એક બીજ સંરક્ષણ છે. વાંસની ટોપલીને માટીથી લીંપીને કોઠી જેવું એક પાત્ર, જેમાં વર્ષોના વર્ષ સુધી બીજનો સંગ્રહ કરવામાં આવે છે, ટોપલીનું કદ બીજસંગ્રહિત કરવાના જથ્થા સાથે બદલાય છે. આ ટોપલી જેને ભીલી ભાષામાં ઓશીટો કહે છે. તેમાં પહેલાં અંદરથી લીમડાના પાંદડાના જાડા પડ કરવામાં આવે છે. તેના પર માટીનો દાટો (થર) કરવામાં આવે છે. ટોપલીનું ઢાંકણ બંધ કર્યા પછી તેને હવાચુસ્ત બનાવવા માટે અને જંતુઓથી બચાવવા માટે માટી મિશ્રિત ગાયના છાણથી લીંપવામાં આવે અને જરૂર જણાય અથવા એકવાર કોઠી ખોલવામાં આવે તો પછી બીજને સૂર્યપ્રકાશમાં સૂકવવા માટે પણ રખાય છે. આ રીતે બીજની સાચવણી, લાંબા સમય સુધી ક્ષીણ થયા વિના અથવા અંકુરિત થવાની ક્ષમતા ગુમાવ્યા વિના, રોગો સામે પ્રતિરોધક, પોષણ અને ઉપજમાં ઉચ્ચ બિયારણની ગરજ સારે છે. એટલું જ નહીં પણ તે સ્વાદિષ્ટ પણ રહેવા પામે છે. બીજ સાચવણીની આ પરંપરાગત પદ્ધતિની સાથે રાખ, રેતી, મીઠું, કપૂર, લીમડો, લવિંગ, હળદર જેવી વસ્તુઓથી પણ પરંપરાગત રીતે બીજની સાચવણી થઈ શકે છે. જે પર્યાવરણને અનુકૂળ, સસ્તુ અને સ્થાનિક રીતે ઉપલબ્ધ હોવા ઉપરાંત આરોગ્ય માટે જોખમો પેદા કરતા નથી. બીજના સંગ્રહની સાથે વાવણીનું પણ આયોજન કરે છે, બીજા ખેડૂતો સાથે બીજની આપ-લે કરે, બીજનું પ્રદર્શન અને વિનિમય કરે, બરછટ અનાજની ખોવાયેલી જાતને પુનર્જીવિત કરવામાં સહયોગ આપે અને એમ કરીને વાવણી માટે બિયારણ

ખરીદવાને બદલે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરે છે.

**સૂપડું સવા લાખનું, ઝાટકો રે ઝાટકો**
**દાણા એટલા દાણા, પાણા એટલે પાણા**
**દાણા દાણા મૈયરિયાના પાણા પાણા સાસરિયાના**
**સૂપડું સવા લાખનું, ઝાટકો રે ઝાટકો**

તો હવે આવ્યું ખેતીનું એક નવું સાધન-સૂપડું. સૂપડુંએ અનાજ ઝાટકવાનું પરંપરાગત સાધન છે. સાવ સીધું સાદુ લાગે પણ ખેતીક્ષેત્રે આધુનિક થ્રેશર જેવું ગણાય. આ સાધન સૂપડું દાણાને છૂટા પાડવાની પ્રક્રિયા કરે છે. પાકની લણણી પછી થ્રેસીંગ એક મહત્ત્વની પ્રક્રિયા છે. ઘોડા જેવા પ્રાણીઓની મદદથી અથવા તો લાકડીઓ વડે અનાજના ડૂંડાને મારીને તેને દાંડીઓ અને ભૂસામાંથી છૂટા કરી દાણાનો ઢગલો કરવામાં આવે છે. એ ઢગલામાંથી અનાજ લઈ સૂપડા વડે તેને ઝાટકવામાં આવે છે અને નાના મોટા દાણા, ભૂસુ વગેરે જુદુ કરવામાં આવે છે. આ કામ ઘણું થકવી નાખનારું અને શ્રમના વધુ રોકાણનું હોય છે. જો કે આજે આ કામ આધુનિક સાધન થ્રેશર કરે છે. પણ વાંસની આડી ઊભી પટ્ટીઓથી તૈયાર કરેલા રંગબેરંગી સૂપડાંથી જ્યારે અનાજ ઝાટકવામાં આવે છે ત્યારે ઉદ્ભવતું સુમધુર સંગીત કર્ણપ્રિય લાગે છે.

તંદુરસ્ત, ગુણવત્તાયુક્ત અને ઉચ્ચ ઉપજ લેવા માટે ત્રાજવા પણ આવશ્યક છે. પાક, પશુધન, બિયારણ, ખોરાક અને ખાતરનું વજન નક્કી કરવા માટે તથા ખેતીની અન્ય આવશ્યકતાઓને જાણવા માટે ત્રાજવાનો ઉપયોગ થાય છે. ખેતરનો અંદાજ કાઢ્યા પછી ખેડૂતોને કયા ખેતરમાં કેટલું બિયારણ જોઈશે તે અંગેનું યોગ્ય આયોજન, સંચાલન અને બીજનું માપન કરવામાં ત્રાજવું ઉપયોગી છે. જેને કારણે પાકની ઉપજની પણ એક ચોક્કસ આગાહી કરી શકાય છે.

આગળ કહ્યું તેમ આદિવાસી પ્રજા માટે મિલેટ્સ માત્ર નિર્વાહ માટે ન હતાં, પરંતુ રસોઈ અને ખાવાના આનંદ સાથે સંકળાયેલા હોવા ઉપરાંત તેની સાથે તેઓનું ભાવનાત્મક જોડાણ છે. જે આ ગીત દ્વારા અભિવ્યક્ત થાય છે. દેવગઢ બારિયા ગુજરાત-નાયક અને મરાઠા સમુદાય દ્વારા ગવાયેલા આ ગીતમાં મિલેટ્સ સાથે મિલેટ્સની વાવણીથી લણણી સુધી ઉપયોગમાં આવતા સાધનોને વણી લેવામાં આવ્યા છે. મૂળ રાઠવી ભીલીમાં ગવાયેલું આ ગીત,

'ઢેસાળમાં વીજળી જબૂકી રે લોલ' આ ગીતના કંઈક અંશનો આનંદ લઈએ. (ઢેસાળ-ક્ષિતિજ-ઘનઘોર કાળા વાદળ)

'ઢેસાળમાં વીજળી ઝૂબકી રે લોલ
ઉગમણે ઢેસાળ મેલ્યો રે' વા'લા
હોનો તે હળ ઘડાવું રે વા'લા મારાં
સાગડાના હળ ઘડાવું રે વા'લા મારાં
હળનો શણગાર ભેગો કરીયો રે વા'લા મારાં
પરણ્યો તો ધોરી ધોરી સુવે રે વા'લા મારા
ઊઠો હાળીડા ખોડ નાખો રે વા'લા મારાં,
ઊઠો હાળીડા હળ જોડે રે વા'લા મારાં,
ઊઠો હાળીડા ઓયણી બાંધો રે વા'લા મારાં
ઊઠો બેનો ખોયો બાંધો રે વા'લા મારાં
કુરીયાનું બીયારું લીજે રે બેનો મારી
જારનું બીયારું લીજે રે બેનો મારી
બાજરીનું બીયારું લીજે રે બેનો મારી
તુવેરનું બીયારું લીજે રે બેનો મારી

આ ગીતમાં ખેતરની તૈયારીની વાત છે. ઘનઘોર વાદળ વચ્ચે વીજળી ચમકે છે. ખેડાણ અને વાવણીનો સમય થઈ ગયો છે. હળ કઈ રીતે બનાવાય, કોણ બનાવે, કઈ સામગ્રી હળ બનાવવા માટે વપરાય, સુથારને બોલાવીને હળ તૈયાર થઈ ગયું છે. હવે તેના પતિએ બળદને ચારો આપીને તેને હળ સાથે જોતરવાનો છે. સ્ત્રીઓએ પોતાની થેલીમાં મકાઈ, જાર, બાજરી, કુરી વગેરેનું બિયારણ લેવાનું છે. આવી વાત ગીતમાં કરવામાં આવી છે.

અહીં ગીતનો કેટલોક જ અંશ છે. પણ...

વાવો અનાજ સહુ વાવો અનાજ
જગને ટકાવવા વાવો અનાજ
કણકણ વાવજો ને મણ મણ લાવજો
પકવી અનાજ તમે ખળા છલકાવજો
આપણું અનાજ તો આપણું સ્વરાજ

... પણ ખેતીની પ્રક્રિયાનો ઉલ્લાસ છે, જગને ટકાવવાનું દૃઢ મનોબળ છે; ઉત્પાદનનો ઉત્સાહ છે; સકારાત્મક ઊર્જાનું સિંચન છે; સ્વદેશીની ભાવના છે.

આ ગીતમાં અનેક પ્રકારના બિયારણનો ઉલ્લેખ થતો જાય પણ તેમાંના કેટલાય અનાજ તો હવે વિસરાઈ ગયા છે. અને હવે ક્યાંય ઉગાડાતા પણ નથી. આદિવાસીના પૂર્વજોના સમયે એવા અનાજોની ખેતી થતી હતી પણ હવે તેનું બિયારણ ક્યાંય બચ્યું નથી. એટલે આપણે શું અને કેટલું ગુમાવ્યું છે તેના નુકસાનનો આપણને અંદાજ જ નથી. સામાન્ય રીતે આ ગીત બિનજરૂરી જંગલી ઘાસને ખેતરમાંથી કાઢતી વખતે (weeding) અને ખુશીના સમયે 'દિવાસા'ના ગરબા હોય ત્યારે લણણીના સમયે કે અન્ય સામાજિક-ધાર્મિક વિધિ હોય ત્યારે ગવાય છે. રોપણી થઈ ગયા પછી ૨૦ દિવસ પછી અંકુર ફૂટે છે એનો ઉત્સવ એટલે દિવાસા ઉત્સવ.

બાજરી ઉગાડતા આ સમુદાયોનો આપણા બીજ સાચવવા, આપણી જમીનમાં કુદરતી પોષક તત્ત્વો વધારવા, પરંપરાગત અનાજ ઉગાડવા, ભૂખ્યાજનોનો જઠરાગ્નિ ઠારવા, વિશાળ સમુદાયના આત્માને પોષવા આપણે આભાર તો માનીશું પણ આ સમગ્ર ખેત પ્રક્રિયા સાથે સંકળાયેલા તેમના ગીતો કે જે ક્યાંય લખાયા નથી, ગવાયા નથી; માત્ર સ્મૃતિમાં સચવાયા છે. તેના મધુર ગીતો જે હવે તેમની સીમા વળોટીને બહાર આવ્યા છે. તેનું કથાનક વર્ણનનો આનંદ પછીના અંકમાં લઈશું.

**શબ્દોના અર્થ :**

**ઉગમણે** - પૂર્વ દિશામાં

**હોનો** - શેનું

**સાગડાના** - સાગનું લાકડું

**હળનો શણગાર** - હળ બનાવવાનો સામાન

**ઘોરી ઘોરી સુવે** - ખરાંટે લઈને સૂવે

**હાળીડા** - હળ ચલાવનાર

**ખોંડ** - ઘાસ

**ઓયણી** - બીજની પોટલી

(ક્રમશઃ)

# ઘર

- મહેન્દ્ર મેઘાણી

શહેરમાં સ્થિર થયા પછી, લગભગ બંધ રહેતું અમારું એ ગામડાગામનું જૂનું ઘર કાઢી નાખવાનો વિચાર આવ્યો. જે વાસમાં અમારું ઘર હતું ત્યાંના જૂના પાડોશીઓ પણ હવે શહેરમાં રહેતા થઈ ગયા હતા. મોટા ભાગનાએ તો પોતાનાં ઘર કાઢી પણ નાખ્યાં હતાં. એટલે પરણમરણ જેવા કોઈ સામાજિક પ્રસંગે કે લાંબી રજાઓમાં ગામડાનાં એ ઘરમાં થોડા દિવસ રહેવા જતાં ત્યારે ઘણું અડવું પણ લાગતું. નવા પાડોશીઓ આવી ગયા હોય અને તેમની સાથે નાતો બંધાયો જ ન હોય. અમને પણ તેઓ જાણે આગંતુક જ ગણે. એટલે હવે એ ઘર રાખી રાખવાનું કોઈ આકર્ષણ રહ્યું નહોતું.

વળી બંધ રહેવાને કારણે જૂનું ઘર વધારે જીરણ બનતું જતું હતું. ચોમાસું ભારે હોય તો પતરાંના છાપરામાંથી પણ પાણી અંદર ઊતરે. પરિણામે એક કરામાં થોડી તિરાડ જેવું પડી ગયું છે. ખુલ્લી અરક્ષિત ઓસરી અને આંગણામાં કચરાના થર જામ્યા કરે. એટલે બાની સંમતિ લઈ ઘર કાઢી નાખવાનો વિચાર પાકો કર્યો. યોગ્ય ઘરાક મળે તો વેચવા માટે ગામમાં રહેતા અમારા એક વ્યવહારકુશળ મિત્રને ભલામણ કરી શહેર ચાલ્યા આવ્યા. પછી એક દિવસ ‘ઑફર’ આવી પણ ખરી. ઑફર વાજબી હતી. ઑફર કરનાર માણસ પણ સારો અને ભરોસાપાત્ર હતો, એટલે હવે વિલંબ કે આનાકાનીનો પ્રશ્ન નહોતો.

પણ એ જ ક્ષણેથી મનમાં વ્યથા જાગી, રહી રહીને વ્યગ્ર કરતો વિચાર આવવા લાગ્યો કે શા માટે બાપદાદાનું ઘર કાઢી નાખવું? ત્રણચાર પેઢીથી ચાલ્યા આવતા માટીના ખોરડાને સ્થાને ત્યાં આ ઘર, ઈંટોનું પાકું ઘર મારા બાપાએ બંધાવેલું, કહો કે ઘણીખરી મજૂરી ઘરનાં સૌએ જાતે કરીને બાંધેલું. તે માટે પોતાના બળદગાડામાં ઈંટો તાણી લાવેલા. ચણતર માટે ગાર કરવા ગામના આંબા તળાવની ચીકણી માટી જાતે ગોડી લાવેલા. લાકડાં માટે અમારા ખેતરના જૂના લીમડા પાડેલા. છેક મોભારા સુધી ગારનાં તગારાં મારી બાએ ઉપર ચઢાવેલાં. પછી શહેરમાં અમે છોકરાઓએ જ્યારે નવાં ઘર બંધાવવા માંડ્યાં ત્યારે પોતાના દીકરાઓનાં એ મકાનો નોકરિયાત સુપરવાઈઝરોની દેખરેખ નીચે મજૂરો દ્વારા બંધાતાં જોઈ, મનમાં થોડું રાજી થતાં બા-બાપા ઘણી વાર ગામડાગામનું અસલવારીનું એ ઘર કેવું નવેસરથી જાતમહેનતથી પોતે બાંધેલું તેની ભાવુકતાથી વાત કરતાં.

એ ઘરમાં જ અમ સૌ ભાઈ-ભાંડુઓનો જન્મ થયેલો. એટલું જ નહીં, એ જ ઓરડામાં અમારાં દાંપત્યજીવનનો આરંભ થયેલો અને એ જ ઓરડામાં મારાં સંતાનોનો જન્મ પણ થયો. અનેક સારામાઠા પ્રસંગો જીવનમાં આવ્યા, આ ઘર તેનું સાક્ષી.

ઘરના આંગણામાં કેટલું રમેલા! એક દિવસ

એ આંગણું વટાવી ખભે થેલી ભરાવી ગામની નિશાળે ભણવા બેઠેલા. એક દિવસ દૂર પરગામ સુધી ભણવા ગયા. એ જ આંગણું વટાવી શહેરમાં જઈ વસ્યા. એ ઘરના આંગણામાં અમારી બહેનોના અને અમ ભાઈઓના લગ્નમંડપો બંધાયેલા. ત્યાં જ્ઞાતિજનો સાથે ઝઘડાઓ અને સ્નેહમિલનો થયેલાં. ત્યાં પાડોશીઓ સાથે ઊંચા અવાજે બોલાચાલી અને શિયાળામાં તાપણાની આસપાસ મધુર વિશ્રંભકથાઓ થયેલી. એ જ આંગણામાં અમારા પરિવારના અબોલ સભ્યો બંધાતા - ભેંસ, પાડરાં, બળદ, રેલ્લા.

એ ઘરની ઓસરીમાં મારાં દાદી અને પછી દાદાનો ચોકો થયેલો, અને થોડાં વર્ષો પર મારા બાપાનો.

અમારાં એ ઘરની બન્ને બાજુએ બીજાં ઘર છે. એક ઘર છે મારા ખરેખરના આજન્મ સાથીનું. તે પણ બંધ છે. મારો મિત્ર રોટલો રળવા દેશનાં અનેક સ્થળોએ ફરી, ગૃહભંગ થઈ હવે અમદાવાદમાં રહે છે. તે પછીના મકાનમાં કાશીફોઈ રહેતાં. તેમને ઊઠી ગયે તો વર્ષો થયાં. જ્યાં વર્ષો સુધી રેતની કલાકની શીશી લઈને રોજ સામાયિક કરતાં તે ઓસરીમાં હવે ફાંદવાળા એક બારોટ સૂતા જોવા મળે. સામેના ઘરનો માલિક પ્રૌઢ વયે, પણ કુંવારો જ ઊઠી ગયો. એ ઘર પણ એક દિવસ પડી ગયું અને નવી દિશાને બારણે નવું થયું છે.

આમ બદું બદલાઈ ગયું છે. છતાં થવા માંડ્યું કે શા માટે અમારે અમારું એ ઘર વેચી નાખવું? જૂનું તોયે બાપદાદાનું ઘર. એ ઘર છે, માત્ર ચાર દીવાલો ને છાપરાનું મકાન નથી. મકાન પૈસાથી ખરીદી શકાય, બાંધી શકાય, પૈસા લઈ વેચી શકાય, પણ 'ઘર?' ઘર એ તો ભાવના છે. એ માત્ર પૈસાથી ખરીદી કે બાંધી શકાય નહીં. એટલે થવા માંડ્યું કે ભલે ઘર જૂનું થાય, જીરણ થાય, ભલે પડી જાય, પણ ઘર છો રહેતું.

બીજી બાજુ પાછું મન તર્ક કરે કે આ બધા લાગણીવેડા છે. જો ગામમાં જવાનું જ ના હોય તો ત્યાં ઘર રાખી રાખવાનો શો અર્થ છે? સારા પૈસા ઊપજે છે. એટલા પૈસા ફિક્સ્ડ ડિપોઝીટમાં મૂકોને, તોય...

છેવટે ઘર કાઢી નાખવાનો વિચાર રહ્યો. પણ અમે બધા ભાઈઓએ છેલ્લે છેલ્લે સપરિવાર બાપદાદાના એ ઘરમાં સાથે રહેવાનો વિચાર કર્યો. કાયમ માટે કાઢી નાખવાનું છે, તો એ ઘરમાં બધાં સાથે રહી લઈએ.

વળી પાછું ઘણા વખતનું બંધ ઘર ખૂલ્યું.

જોતજોતમાં તો નાનાં મોટાં પરિવારજનોથી એ સૂનું ઘર ગાજતું-ગુંજતું થઈ ગયું. મારા એક નગરવાસી મિત્રને પણ આ વેળા તો ગામડાગામનું ઘર જોવા સાથે લઈ ગયો. પુરાણા દિવસો પાછા આવ્યા હતા. બાપાના મૃત્યુ પછી મારી બા લગભગ ઉદાસીન રહેતી. ઘરના પ્રસંગોમાં રસ લેતી નહીં. તે પણ અહીં આવીને સૌની વચ્ચે પ્રસન્ન લાગી.

પરંતુ હવે ઘરની પ્રત્યેક દીવાલ મને ઠપકો આપવા લાગી. ઓસરીમાં જ્યાં હું હંમેશાં બેસતો, જ્યાં બેસીને પહેલો એકડો ઘૂંટેલો અને જ્યાં બેસીને પછી દરેક રજામાં અભ્યાસના ગ્રંથો ઉથલાવતો ત્યાં બેઠો. ત્યાં ભીંતે ટેકો દેતાં જ તે મને અંદરથી હચમચાવી રહી. મેં પાછા વળી તેના પર હાથ ફેરવ્યો. તે કહી રહી, ''આટલે દહાડે આવ્યા અને હવે બસ...''

હું વ્યગ્ર બની ગયો. આંગણામાં ખાટલો ઢાળીને બેઠો. હવે ત્યાં ગમાણ ખાલી હતી. ખીલા હતા પણ ઢોરઢાંખર નહોતાં. પરંતુ એ બધાં જ જાણે એ તરફ નજર જતાં એકસાથે ભાંભરી ઊઠ્યાં. હું એકદમ ઊભો થઈ ગયો. શૂન્ય આંખે ભરાયેલું આંગણું જોતો રહ્યો.... ઘરનાં આ નેવાં. કેટલાં બધાં ચોમાસાં એનું સંગીત સાંભળ્યું છે! અહીં તોરણ નીચે મારી બહેનો પરણવા બેઠી હતી અને અહીં દાદી, દાદા અને બાપુની નનામીઓ બંધાઈ હતી. ગળે ડૂમો ભરાવા જેવું થયું.

ઘરના ઓરડામાં ગયો. બંધ જીરણ ઓરડો વધારે મુખર લાગ્યો. પછીતની એક નાની જાળીમાંથી થોડું અજવાળું આવતું હતું. આ ઓરડો એક વેળા કોઠીઓ-કોઠલાઓથી ભરેલો રહેતો. એ બધું ક્યારનુંય કાઢી નાખ્યું છે, પણ ત્યાં હજી ખૂણામાં વલોણાની મોટી ગોળી અને ખીંટીએ મોટો રવૈયો લટકે છે.

વચલા ખંડમાં, જ્યાં અમે સૌ જમતાં, ત્યાં થઈ ફરી વાર ઓસરીમાં આવું છું. બા એકલી બેઠી છે. અત્યારે સૌ આઘાંપાછાં છે. જોઉં છું તો ઘરડી બા રડતી હતી. બાને ઓછું ભળાય છે, ઓછું સંભળાય છે. હવે ઝાઝું કાઢે એમ પણ નથી મેં પાસે જઈ પૂછ્યું, ''આ શું? તું રડે છે બા?''

અને એનાથી મોટેથી રડાઈ ગયું, ''આ ઘર...'' એટલું માંડ આંસુ અને હીબકાં સાથે બોલી. બાપુજીના અવસાન વખતે નહોતી રડી એટલું બા રડી રહી હતી. ધીરે ધીરે હીબકાં વચ્ચે એણે કહ્યું, ''આ ઘર... હું જીવું છું ત્યાં સુધી ના કાઢશો. હવે હું ઝાઝા દિવસ નથી. પછી તમતમારે...''

''પણ બા, તેં કહ્યું હતું ને?''

''કહ્યું હશે. પણ હવે પાછા અહીં આવ્યા પછી... ના તમે ના કાઢશો.'' એનું રડવાનું અટકતું નહોતું.

બાને રડતી જોઈ મને દુઃખ થયું પણ વિશેષ આનંદ થયો. થયું કે એનું હૃદય હજી જીવતુંજાગતું છે. એને હજી જગતમાં, જીવનમાં રસ છે. અમે તો માનતા હતા કે બા માત્ર દહાડા કાઢે છે. પણ ઘર માટેનો આ રાગ...

મારા મનમાં પણ ઊંડે ઊંડે અપરાધભાવ તો હતો ઘર કાઢવાની વાતથી પણ હવે તો રીસસરનો સણકો ઊપડ્યો. ઘર સૌની સંમતિથી વેચવાનું વિચારેલું. બાનાખત પણ થઈ ગયું હતું. જોકે તે દિવસથી દરેક જણ ઘરની વાત આવતાં મૂગું બની જતું.

એટલામાં નાનો ભાઈ મકાન ખરીદનારની સાથે આવ્યો. ઘરનાં બીજાં સૌ પણ ભેગાં થઈ બાની આસપાસ બેસી ગયાં હતાં. બાને સમજાવવાનો પ્રયત્ન કરવા લાગ્યાં, ''આપણે નવું સગવડોવાળું મકાન આ ગામમાં જ બંધાવીશું, આ જ ઘરના પૈસામાંથી તમે કહેશો તેવું...''

બા કહે, ''આ ઘરને મોભે મેં ઈંટો ચઢાવી છે. તમારા બાપે કેટલી હોંશથી બાંધ્યું છે. એટલે તમતમારે મારા ગયા પછી ભગવાન કરે ને મહેલ ચણાવજો... પણ આ ઘર તો...'' નાનો ભાઈ સ્થિતિ પામી ગયો. એણે મકાન ખરીદનારને કહ્યું, ''ભાઈ, હમણાં ખમી જાઓ. આ ઘર આપીશું, ત્યારે તમને જ આપીશું.''

મેં જોયું કે અમ સૌની છાતી પરથી પથ્થર ઊતરી ગયો હતો. વરસાદ પછી ખૂલેલા આકાશ જેવું બાનું મોઢું જોઈને જાણે જીરણ ઘર

હસી રહ્યું હતું. અદૃષ્ટ ગૃહદેવતાની પ્રસન્નતાનો સૌને સ્પર્શ થયો હતો.

પહેલાં અમે ભાઈઓ-બહેનો બધાં દિવાળીની રજાઓમાં મોટે ભાગે ગામડાનાં ઘરે જઈએ. બા-બાપા જાણે આ દિવસોની રાહ જોતાં હોય. ઘર ભરાઈ જાય કોલાહલથી. દિવાળીની રજાઓ પૂરી થતાં એક પછી એક કુટુંબએકમો નીકળી જાય. બન્ને બહેનો ચાલી જાય, અમે બન્ને ભાઈઓ છોકરાં છૈયાં સાથે નીકળીએ. આંતરે દિવસે, એ જ દિવસે સવારે કે સાંજે બા-બાપ પોતાનાં સંતાનોને ઝાંપા સુધી વળાવવા આવે. બાપા ક્યારેક ધીમે ધીમે ચાલતાં ભાગોળે બસ સુધી આવે. અમે અમારી ધમાલમાં હોઈએ. જલદી આવજો, સંભાળજો કહીને નીકળી પડતાં.

પણ પછી ખાલી ઘરમાં પાછા ફરતાં વૃદ્ધ મા-બાપને ઘર કેવું ભેંકાર લાગતું હશે તે હવે કંઈક સમજું છું. આવા તો ઘેરઘેર વૃદ્ધ મા-બાપ હશે, ખાસ તો ગામડાંમાં.

કવિ 'ઊશનસ્'ની 'વળાવી બા આવી' એ પ્રસિદ્ધ કવિતામાંનો વિરહબોધ અને અડકી ગયો. એ કવિતા મને આખી મોઢે હતી. હું ઘરની આગળની મોટી ગૅલેરીમાં બેસી એ યાદ કરવા લાગ્યો - ના, એ કવિતા હું રચવા લાગ્યો - જાણે એ પંક્તિઓ સ્મૃતિમાંથી નહીં, મારી આ ક્ષણોની અનુભૂતિમાંથી ઊતરતી હતી - પહેલાં ત્રુટક ત્રુટક અને પછી સળંગ - જાણે છેકછાક વિના રચાઈ ગઈ :

**રજાઓ દિવાળી તણી થઈ પૂરી, ને ઘર મહીં**
**દહાડાઓ કેરી સ્ખલિત થઈ શાંતિ પ્રથમની**
**વસેલાં ધંધાર્થે દૂર સુદૂર સંતાન નિજનાં,**

**જવાનાં કાલે તો...**

દિવાળીની રજાઓ પડતાં, ગામડાગામમાં માતાપિતા સાથે રહેવા દૂર વસેલાં સંતાન આવતાં. ઘરમાં મનની એક 'શાંતિ' સ્થપાતી. પણ હવે રજાઓ પૂરી થતાં સૌ સંતાન જશે, એથી એ મનની શાંતિ ડહોળાઈ ગઈ છે. જવાને આગલે દિવસે રાત્રે બા-બાપા, ફોઈ અને છોકરાં-છૈયાં બેઠાં હતાં. હવે કદાચ આવતી દિવાળીએ વાત, એમ વિચારતાં હશે તે વખતે બા-બાપાએ, ગં.સ્વ. ફોઈએ આ બધાંની વચ્ચે પોતાને કર્મે લખાયેલા સંતાનોના વિરહને પણ જાણે જોઈ લીધો! પણ એને ઉવેખીને સૂઈ ગયાં.

**- જનક જનની ને ઘર તણાં**

**સદાનાં ગંગાસ્વરૂપ ઘરનાં ફોઈ સહુએ**
**લખાયેલો કર્મે વિરહ મિલને તે રજનીએ**
**નિહાળ્યો સૌ વચ્ચે નિયત કરી બેઠો નિજ જગા,**
**ઉવેખી એને સૌ જરઠ વળી વાતે, સૂઈ ગયાં.**
**સવારે ભાભીનું ભર્યું ઘર લઈ ભાઈ ઊપડ્યા,**
**ગઈ અર્ધી વસ્તી, ઘર થઈ ગયું શાંત સઘળું.**

છોકરાં-છૈયાંવાળું ભર્યું ઘર લઈને સવારે મોટાભાઈ ઊપડ્યા તેની સાથે જાણે અર્ધી વસતિ ખાલી થઈ ગઈ. નાનાં છોકરાંઓ જાય એનો ખાલીપો વધારે સાલે એમના જતાં આખું ઘર શાંત બની ગયું, તે પછી :

**બપોરે બે ભાઈ અવર ઊપડ્યા લેઈ નિજની**
**નવોઢા ભાર્યાઓ પ્રિયવચનમંદસ્મિતવતી.**

બે નાના ભાઈ મીઠું બોલતી અને હળવું હસતી એવી પોતાની નવોઢા પત્નીઓ લઈને

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ ઉપર)

# હુન્નર અપાવે મુક્તિ

- ઈશ્વર વાઘેલા

એક રાજાને એકનો એક રાજકુમાર હતો. રાજકુમાર રાજ્યમાં ફરતો રહેતો. એક દિવસ તે રાજ્યના એક ગામમાં ફરી રહ્યો હતો. એક ફળિયામાં સુંદર કન્યા એક ઝાડ નીચે બેસીને પોતાનું કામ કરી રહી હતી. રાજકુમારે તેને જોઈને તેને ગમી ગઈ. તે ગામમાં તે વારંવાર જઈને તે કન્યાને મળતો. વારંવારની મુલાકાતથી બન્ને વચ્ચે પ્રેમ વધવા લાગ્યો. રાજકુમાર તે કન્યા સાથે લગ્ન કરવાનું વિચારતો, તેણે તેના પિતાને વાત કરી. વાત સાંભળીને રાજાએ કહ્યું, હે કુંવર, તારે તો કોઈ રાજાની કુંવરી સાથે લગ્ન કરવા જોઈએ. એક સામાન્ય કન્યાને રાજારાણી બનાવવું તે યોગ્ય નથી. કુંવરે પોતાની વાત પકડી રાખી. તે બીજું કોઈ કન્યા સાથે લગ્ન કરવા તૈયાર થયો નહિ.

રાજકુમારના અતિઆગ્રહથી રાજાએ પોતાના મંત્રીને કન્યાના પિતાને ત્યાં મોકલ્યા. તે મંત્રી કન્યાના પિતાને મળતા જ, રાજકુમાર દીકરી સાથે લગ્ન કરવા ઈચ્છે છે તેવું જાણીને ખુશ થઈ ગયા. ઘરના બીજા રૂમમાં કન્યા આ વાત સાંભળીને બહાર આવી. તેણે મંત્રીને કહ્યું, ‘રાજકુમારને કોઈ હુન્નર આવડે છે?’ મંત્રીએ કહ્યું, ‘રાજાના કુંવરને વળી હુન્નર સાથે શું લાગેવળગે, તે તો રાજ કરશે પણ તેને હુન્નર ક્યાં કરવાનો રહે છે?’

કન્યા બોલી, ‘રાજ તો આજે છે અને કાલે નથી. કોઈ બળવાન રાજા ચડાઈ કરે અને રાજ જતું રહે ત્યારે રાજકુમાર શું કરશે?’ હુન્નર હોય તો જ લીલાલહેર. હુન્નરને કોઈ છીનવી ન શકે. હુન્નર હોય તો જ જીવન જીવી શકાય. રાજકુમાર ઘણીવાર અહીં આવ્યા છે. મને મળ્યા છે મને તેમનો સ્વભાવ ગમ્યો છે પણ તેઓ કોઈ હુન્નર શીખે તો જ હું તેમની સાથે લગ્ન કરીશ.’

કન્યાના બાપ તેની વાત સાંભળીને આશ્ચર્ય પામ્યા. તેમણે કન્યાને સમજાવવા પ્રયત્ન કર્યો. પણ તે એકની બે ન થઈ.

મંત્રીએ રાજા અને રાજકુમારને આ વાત કરી. રાજકુમારને પણ કન્યાની વાતમાં તથ્ય લાગ્યું. તેણે કન્યાની વાત સ્વીકારી. કન્યા પાસે ગયો અને તેણે તેને જે હુન્નર આવડતો હોય તે શીખવાડવા કહ્યું. કન્યાએ રાજકુમારને વિવિધ રમકડાં બનાવવાનો હુન્નર કસબ સાથે શીખવાડ્યો. રાજકુમાર તે હુન્નરમાં પારવધો થતાં જ બન્નેના લગ્ન થયાં. બન્ને રાજમહેલમાં પણ નવરાશના સમયે આ કસબ કરતા રહે, આનંદથી જીવન જીવવા લાગ્યા.

એક દિવસ રાજકુમાર રાજ્યના એક નગરમાં ફરવા નીકળ્યો હતો. એક સ્થળે કેટલાંક ડાકુઓ હતા તેમણે તેનું અપહરણ કરીને એક ઉજ્જડ વિસ્તારના મકાનમાં લઈ ગયા. જ્યાં આસપાસ કોઈ રહેતું નહોતું. આ ડાકુઓ માણસનું અપહરણ કરી અહીં લાવીને તેમની પાસે કામ કરાવીને જે આવક થાય તેમાંથી મોજ-મજાથી જીવન જીવતા. ડાકુઓએ

બીજા દિવસે રાજકુમારને પૂછ્યું, 'તેને શું કરતા આવડે છે? તું કામ ન કરે તો તને મારી નાખવામાં આવશે.' રાજકુમાર અજાણ્યા વિસ્તારમાં ફસાયો હતો તેથી તેણે વિચાર્યું જીવવા માટે કામ તો કરવું પડશે એટલે તેણે રમકડાં બનાવતાં આવડે છે તેમ કહ્યું. ડાકુઓએ તેની પાસેથી જરૂરી વસ્તુઓની યાદી બનાવીને વસ્તુઓ લાવી આપી. બે દિવસમાં તેણે ઘણા રમકડાં બનાવ્યા. ડાકુઓ તેને જોઈને ખુશ થયા. ડાકુઓ તે રમકડાં બજારમાં વેચવા લાગ્યા. એક દિવસ રાજકુમારે તેમને કહ્યું, 'તમે આ રમકડાં રાજમહેલમાં જઈને વેચો તો સારા પૈસા મળે.'

રાજકુમાર ગુમ થતાં બધે તપાસ કરાવેલી પણ કોઈ પત્તો મળ્યો નહોતો. રાજા-રાણી અને તેની પત્ની ખિન્ન હતા. ડાકુઓ રમકડાં વેચવા રાજમહેલ ગયા. તેઓ રાજ્યમાં ડાકુ તરીકે જાણીતાં બન્યા નહોતા. કારણ તેમનું સ્થાન ઉજ્જડ વિસ્તારમાં અને માણસો પાસે કામ કરાવીને પૈસા કમાવાનું હતું. તેને તેઓ જુદી જુદી વસ્તુઓ બજારમાં વેચતા. એટલે કોઈ તેમને ડાકુ કહી જ ન શકે. રાજમહેલમાં જવાની તેમને પરવાનગી મળી. રાજદરબારમાં રાજા સમક્ષ રમકડાં લેવા અરજ કરી. રાજાને ખ્યાલ આવ્યો કે રાજકુમાર પણ રમકડાં બનાવતો હતો તેણે તેની પત્નીને બોલાવી રમકડાં લેવા કહ્યું. તે રમકડાં જોવા લાગી. તેને ખ્યાલ આવ્યો કે, 'આ રમકડાં રાજકુમારે જ બનાવ્યા છે.' તેણે રમકડાંને ઝીણવટથી જોયાં તો તેમાં ગુપ્ત સંદેશો વાંચવા મળ્યો. તેણે રાજાને કહ્યું, 'આ રમકડાંનો ખરીદવા જ જોઈએ. તમે જાતે જઈને તિજોરીમાંથી નાણાં લઈ આવો.' આ વાત સાંભળીને રાજાને આશ્ચર્ય થયું. પણ રાજપત્નીએ ઈશારો કર્યો એટલે રાજા રાજદરબારમાંથી મહેલમાં ગયા. રાજપત્ની પણ પાછળ પાછળ ગઈ અને તેણે રાજાને સંદેશા સંદર્ભે વાત કરી. રાજાને પહેલેથી જ ખ્યાલ આવ્યા હતો. તેણે તરત જ સિપાહીઓને રમકડાં વેચનારાને પકડી લેવા હુકમ કર્યો. પછી તેમની પાસેથી માહિતી મેળવીને તે સ્થળે સૌનિકોને ભરી બંદૂકો સાથે મોકલ્યા. સૈનિકોએ રાજકુમાર સાથે અનેક નગરવાસીઓને મુક્ત કરાવ્યા. ડાકુઓને જેલમાં પૂરી દીધા.

રાજકુમાર રાજમહેલમાં આવી હુન્નરનું સત્ય સમજાયું હતું તેથી તેણે તેને પત્નીને કહ્યું, 'પ્રિયે, હુન્નરે મને મુક્તિ અપાવી.' જોયું હુન્નર ન કરી શકતો તો આ ડાકુઓ મને મારી નાખતા.'' રાજપત્નીએ કહ્યું, ''મારી જિદને પારખી તમે હુન્નર શીખ્યા તો તમને મુક્તિ મળી. હુન્નર ભૂખમાંથી, આળસમાંથી, નગ્નતામાંથી, દુઃખમાંથી મુક્તિ અપાવે છે. માટે રાજ્યમાં હુન્નર કેન્દ્રો શરૂ કરી સૌને હુન્નરો શીખવાડો.'' રાજપત્નીની વાત માનીને હુન્નર કેન્દ્રો શરૂ કર્યા. જેથી અનેક નાગરિકો સુખી થયા. બેકારી મુક્ત રાજ્ય બન્યું. સૌ રાજકુમાર-રાજપત્નીના વખાણ કરવા લાગ્યા.

❀ ❀ ❀

ઘણાં પ્રશ્નોમાં સંઘર્ષ વિના ન ચાલે, એ સમજી શકાય તેવી વાત છે. ઉગતી પેઢીના શિક્ષણમાં સંઘર્ષ વિના ઉકેલ શોધી શાળા-કૉલેજનું ભણતર એકધારું સર્વાંગીણ અને સુંદર થાય તેવી ભાવના શિક્ષકો, મા-બાપો, રાજકારણીઓ અને નોકરશાહી રાખવાનું ઠરાવે તો આ દેશની પ્રગતિ વધુ ઝડપી બની શકે. એવી સન્મતિ આપણને દરેકને પ્રાપ્ત થાઓ.

**- રઘુભાઈ નાયક**

❀ ❀ ❀

# પ્રભુને પ્રાર્થના કે ફરિયાદ?

- અશોક સોમપુરા

સમગ્ર બ્રહ્માંડમાં થતી તમામ ઘટનાઓનો સાક્ષી રહેતો સૂર્ય આજે મૂંઝાયેલો - અકળાયેલો દેખાય છે. જુઓ તો ખરા તા. ૨૫-૦૫-૨૦૨૪ના રોજ ગુજરાતના રાજકોટમાં સૌને ધ્રુજારી થઈ એવો અઘટિત બનાવ બન્યો. એ દિવસે જાણે કે...

ના શ્વાનના રડવાનો અવાજ કાને પડ્યો, ના કોઈ ડાળીએ ઘુવડ બોલતું સાંભળ્યું, ના ઘરેથી નીકળતા બિલાડી આડી ઉતરી... અરેરે... મોતના તાંડવામાં અનેક આંખો હંમેશ માટે હોમાઈને મીંચાઈ ગઈ. રાજકોટના એ કાલાવડ રોડ ઉપર ટીઆરપી ગેઈમઝોનમાં સાંજે પાંચ વાગે લાગેલી આગ વખતે બનેલી કરૂણાંતિકા અનેકના હૃદયને હચમચાવી ગઈ.

આનંદ અને કિલ્લોલ કરતા બાળકો ભયભીત થઈ આગમાં ફસાયા. બચાવો-બચાવોના ચિત્કાર સાથે આગમાં ભૂંઝાયા. તેમની કોમળ ચામડી પર અગ્નિ ફરી વળ્યો. તેમના અંગના પોશાકો જ તેમના કફન બની ગયા વધારે તાપમાનવાળી ગરમી માણસ સહન કરી શકતો નથી. ત્યારે આ બાળકોનો વલોપાત કેવો અસહ્ય અને કરૂણ હશે. બધું જ રોળાઈ ગયું. આંગણા સૂના થયા. માવતરના જીવન નકામા થયા. હવે તો બચાવો બચાવોની કાકલૂદી કરતી ચીસ સદાને માટે તરફડતી તરફડતી મૂંગી થઈ ગઈ. અરેરે...અરેરે...

મણિપુરમાં સ્ત્રીનું વસ્ત્રાહરણ, ઈસ્કોન રોડ પર થયેલો ગોઝારો અકસ્માત, નિર્ભયા કેસ આ બધામાં પીડિતો દુઃખી દુઃખી થયા. ઘણાયે પોતાનો જીવ પણ ગુમાવ્યો આની સાથે સાથે,...

સુરતનો તક્ષશિલા કાંડ, વડોદરાનો હરણી બોટ કાંડ, મોરબીનો પુલ કાંડ, પાલનપુરનો બ્રિજ કાંડ, બનાસકાંઠામાં બાળકોની હોસ્પિટલમાં લાગેલી આગ અને હવે રાજકોટનો ટીઆરપી ગેઈમઝોન અગ્નિકાંડ! આ દરેક ઘટનાઓમાં ઉઠેલી હૃદયદ્રાવક ચીસાચીસ, બચાવો-બચાવોની કાકલુદી... અને ભડભડ સળગતા શરીરો અને પછી ક્ષતવિક્ષત મૃતદેહો! ભર વસંતે લીલા ચેતનવંતા પાન ખર્યા. કુરૂક્ષેત્રના યુદ્ધની જેમ મોતનો મેળો જામ્યો. તરફડતા એ શરીરોના અંગો છૂટા પડ્યા અને મોતના હવાલે થયા.

આ ઘટનાઓમાં લાગતા-વળગતા કે જવાબદાર વ્યક્તિઓનો વિચાર કરીએ તો તક્ષશિલા કાંડનો સાચો ન્યાય કે જવાબ આપણને ક્યાં મળ્યો છે. હરણી બોટ દુર્ઘટના, મોરબી પુલ દુર્ઘટના કે ગોઝારા અકસ્માતમાં જાન ગુમાવનાર એ નવ નિર્દોષ વ્યક્તિઓ શું થયું એની તપાસનું? સમય પસાર થતા જાણે કે બધું જ ઠરીઠામ! ઓહોહો!! શું આપણી સંવેદના આટલી બધી પાંગળી!! અરે! આવો આની એક બીજી બિહામણી - વિકૃત રીતિ - નીતિ ઉપર પણ નજર કરીએ.

આમા માનવીનો ફાળો કેટલો? અધધ!! બી.યુ. પરમિશન, ફાયરના નિયમો, ગેઈમ

સાધનોની ફિટનેસના નિયમો, ક્યાંક સરકારની બેદરકારી, સંચાલકોની બેજવાબદારી, લાંચિયા અધિકારીઓ, તંત્રનો ભ્રષ્ટાચાર અને અનૈતિકતા આ બધો જ સમૂહ બાળકો અને માણસોની જિંદગીને ભરખી ગયો. શું આમ કહેવું ખોટું છે. આ કરૂણ ઘટનામાં સામેલ નાના-મોટાં માથાઓ કાયદાની આંટીઘૂંટીમા રહેલી ગલીઓમાંથી રસ્તો કાઢશે અને ભૂતકાળની ઘટનાઓના દોષિતો જેમ હેમખેમ છે. તેમ આ લોકો પણ? પરંતુ વગર વાંકે આ માસૂમ બાળકો ભડભડ સળગ્યા તેનું કોઈને ચચરશે ખરું?

તો હે પરમકૃપાળુ પરમાત્મા, હે દયાળુ પ્રભુ... અમારી આ પ્રાર્થના તો સાંભળો.

આપ તો જગતના પાલનહાર છો સમગ્ર સંસારનું દોરી સંચાલન અને પોષણ તો તમારા હાથમાં છે. આ બાળકોની યાતના અને અમારી આજીજી એટલી જ વિનવણી કરે છે કે કોમળ હૃદય ધરાવતા તમે વ્રજ જેવા કઠોર હૃદયના કેસ થયા આ નિર્દોષ બાળકોને હામી કેમ ન થયા? હે પ્રેમ અને કરૂણાના પ્રતિક પ્રભુ આપે...

- કૌરવોના દરબારમાં દ્રોપદીના ચીર પૂર્યા
- નરસિંહ મહેતાની હૂંડી સ્વીકારી
- ધ્રૂવ-પ્રહલાદ-ચંદ્રહાસ જેવા બાળકોનું રક્ષણ કર્યું
- હે પ્રભુ આપના આવા તો અનેક કાર્યો આજે યાદ આવે છે.

હે કરૂણાનિધિ પ્રભુ, તું તો હકારનો જીવ છે નકારનો નહિ. તો તે આ હાહાકાર કેમ મચાવ્યો હે પ્રભુ ! હવે માનવજાતમાં તુ વિશ્વાસ જગાવ. ગયેલા જીવને તો પાછા માંગતા નથી પણ પ્રભુ એમના આત્માને શાંતિ જરૂર આપજે. અને અમારી આ માનવજાતને કરૂણા સાથેની સદ્બુદ્ધિ આપજે કારણ આવા કાળા કામો કરનારને એક જ વાત નહિ પણ અનેક વાતો કહેવાની થાય છે એટલે જ એક રમાધિર સિંહ ''દિનકર'' ની એક પંક્તિ યાદ આવે છે....

समर शेष है, नहि पाप का भागी केवल व्याघ्र
जो तटस्थ है, समय लिखेगा उनके भी अपराध!!

અને એ વાત સાચી છે કે...

સમગ્રી દેશની, સ્ત્રી સન્માનની, ગરીબો કે અન્યની વાત હોય, આ દેશના ભીષ્મ દરેક કાળમાં ક્યારેક તટસ્થતાના નામે, ક્યારેક સિદ્ધાંતોના નામે સત્યની સાથે ઊભા રહેવાનો ઈન્કાર કરે છે. દરેક કાળમાં ભીષ્મના મૌનનું મૂલ્ય આપણે ચૂકવીએ છીએ. અને હે પ્રભુ પીડિતોના પરિવારને હિંમત અને મૃતાત્માને શાંતિ...

પ્રભુ હવે અમે નિઃશબ્દ

❀ ❀ ❀

લોકશાહી દેશ સમૃદ્ધ હોય ત્યાં પણ જેમ નાગરિકોને હક્ક છે, તે મુજબ જ નાગરિકોને ફરજો પણ છે. પોતાની ફરજો અદા નહિ કરનાર નાગરિકને હક્કની વાત કરવાનો કોઈ અધિકાર ન હોઈ શકે. જે દેશ ઘણી બાબતોમાં સંજોગોવસાત પછાત રહી ગયો હોય તો તે દેશના નાગરિકોએ પોતાના હક્કો અંગે થોડાં સમય માટે ત્યાગ પણ કરવો પડે અને હક્કના ભોગવટા કરતાં ફરજની અદાગીરી વધારે કરવાની રહે. આ એક અત્યંત અગત્યની ગંભીર જરૂરિયાત છે. જે આપણે દરેક નાગરિકે સમજવી પડશે અને તે પ્રમાણે વ્યવહાર-વર્તન કરવા પડશે.

**- રઘુભાઈ નાયક**

❀ ❀ ❀

# પેપરો નહીં પણ માણસ ફૂટે છે

**- જય વસાવડા**

જૂન-૨૪માં રાષ્ટ્રીય કક્ષાએ પ્રતિષ્ઠિત ગણાતી ''નીટ'' પરીક્ષાના પેપરો ફૂટ્યા અને અનેક ગેરરીતીઓ બહાર આવી. આ પરીક્ષાના અનુસંધાનમાં જાણીતા લેખક જય વસાવડાના લેખના કેટલાક અંશો અમે પ્રકાશિત કરીએ છીએ. જે સમગ્ર શિક્ષણ જગતની દશાનો ચિતાર રજૂ કરે છે અને શિક્ષણના કૌભાંડોના મૂળ કારણ ઉપર સીધો પ્રહાર કરે છે. આશા છે વાચકોને જરૂર ગમશે.

**- તંત્રી**

''બોયા પેડ બબુલ કા આમ કહાં સે હોય?'' જેમ આજે બ્રશ કરવાનું બંધ કરો તો કાલે ને કાલે દાંત ન પડી જાય પણ ધીરે ધીરે સડતા જાય ને પછી એક તબક્કે લાઈલાજ થઈ જાય. એમજ વર્ષોથી એકેડેમિક ફિલ્ડમાં ટોપ લેવલની પોઝિશનમાં મીડિયાકેર સબસ્ટાન્ડર્ડ લોકો જ મોટેભાગે ગોઠવાઈ જાય છે. ખુરશીના કદ કરતા એના પર બેઠેલા વ્યક્તિના મગજની ગડીઓનું વજન વધુ હોવું જોઈએ. અહીં તો કોઈ ઢોળાઈ જાય એવા વહેંત્યાઓ ગોઠવાઈ જતા હોય છે. એમનું નોલેજ નથી જોવાતું, લોયલ્ટી જોવાય છે. ગ્લોબલ વિઝન નહીં, લોકલ એક્શન જોવાય છે. સંસદને વિધાનસભા કરતા વધુ રાજકીય આટાપાટા ને જૂથવાદ યુનિવિર્સિટીઝમાં રસ હોય છે.

બુદ્ધિમાન માનવી દરેક વખતે દરેક વાત સાથે સંમત ના હોઈ શકે, પછી એ જનતાની લોક લાગણી હોય કે સરકારી આદેશ હોય. એ જ તો પ્રજ્ઞાનું લક્ષણ છે. સવાલો પૂછવા, સ્થાયી ભાવને પડકારવો, નવા સંશોધનો કરવા, એડમિનિસ્ટ્રેશન પર મજબૂત પકડ, નિષ્પક્ષતા, ન્યાયપણું અને નીતિવાન હોવાના પ્રભાવથી જમાવટ, વિષયમાં બાહોશ હોવું, માણસોની પરખમાં કાબેલ હોવું, કટોકટીમાં અનુભવી હોવું, વિચારોમાં નીડર હોવું, પ્રભાવમાં ઉદાર હોવું, દિમાગમાં આધુનિક થવું અને સંચાલનમાં કૌશલ્યવાન હોવું. આવા સપ્તરંગી મેઘધનુષી માણસો ભલભલી સંસ્થાઓમાં આયન રેન્ડની જબાનમાં કહીએ તો ફર્સ્ટ ગ્રેડર્સ હોવા છતાં સેકન્ડ ગ્રેડર્સના કબાડીયન ચાપલુસ અર્ધદગ્ધોથી સાઈડ લાઈન થઈ જાય છે.

મૂળ વાત જ એ છે કે માણસ ગમે તેટલો હોંશિયાર હોય ને ગમે તેટલું જાણે પણ જો એનામાં મોરાલીટી અર્થાત નૈતિકતા ન હોય તો બધું નકામું, શિક્ષણ તો એ ઈમાનની તાલીમ આપવા માટે પણ છે, પણ ટીચર્સ ને એની ક્લાસીસ/સ્કૂલની બ્રાન્ડ ચમકાવવામાં રસ હોય અને અમુક વાલીઓ મહેનત કે ઈજ્જતના બદલે (એ તો આપણે ત્યાં પ્રેમ કરો તો જ ઓછી થાય ને! કૌભાંડ કરનારા તો નકટા હોય!) ખુદ જ શોર્ટકટ શોધતા ફરે એમાં ધીરે ધીરે કરિયર ઓરિએન્ટેડ જેન્યુઇન ટેલેન્ટનો સંઘર્ષ બેવડાઈ જાય. એક તો ભણવા ને આર્થિક આવક માટેનો સંઘર્ષ, બીજો છે અનૈતિક

ભ્રષ્ટાચાર, ચાટુકારી, ખટપટ, નકામા માણસોની જીહજુરી, ટાંટીયા ખેંચ, તેજોદ્વેષ અને સગાવાદની લાગવગશાહી સામે ટકી રહેવાનો સંઘર્ષ! બધા આવા મલ્ટીપલ મોરચે સખત ઝીંક નથી જીલી શકતા.

આ વિષય પર સતત લખ્યું છે. વારંવાર લખ્યું છે પણ પ્રજાને સનસનાટી આગળ શિક્ષણ ક્રાંતિની નથી પૂરી સમજ, નથી પૂરી જાણકારી. એમને તો મસાલેદાર ટીક જોતી હોય છે. ધર્મ કોણ સંપ્રદાય પંથની અશ્લીલ કહીને જેને ભાંડ્યા હોય એ બધું ખાનગીમાં જોવાની બીજાની સચ્ચાઈ કઠે એટલે એને નડતર બની એની ઘોષિત કરવાની, એક મેક્સેસ ગાંઠનું વિષચક્ર બની ગયું છે. જેને પ્રમાણિકતાથી પરીક્ષા નથી દેવી કે લેવી કે દેવડાવી એવા લોકો ફૂટેલ હોય છે. એટલે પેપર ફૂટે છે. આવી જ રીતે અધકચરું ભણેલા જેમ તેમ કરી સરકારીતંત્રમાં કે નેતાગીરીમાં ગોઠવાઈ જાય છે એટલે ધોરણ ઓર નીચું જાય છે.

(ગુજરાત સમાચારમાંથી સભાર)

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૪ થી ચાલુ)

બપોરે ગયા. પછી કવિ લખે છે :

**વળાવી બા આવી નિજસકલ સંતાન ક્રમશઃ,**
**ગૃહવ્યાપી જોયો વિરહ પડી બેસી પગથિયે**

જે ઘરમાં હજી તો હમણાં સંતાનોનો, સંતાનોનાં સંતાનોનો કલકલ્લોલ હતો, તે આખા ઘરમાં વિરહ આજે વ્યાપી ગયો હતો - અને બા ઘરમાં જઈ શકી નહીં, એ પગથિયે જ બેસી ગઈ. કવિએ કહ્યું - 'પડી બેસી પગથિયે' - 'પડી બેસી'માં વૃદ્ધ માબાપની સંતાનોના જતાં અનુભવાતી મર્મભેદી નિઃસહાયતા પ્રકટ થઈ  છે. 'પડી બેસી પગથિયે' - પોતાના ગયા પછી મા આમ ઘરને પગથિયે જ બેસી પડી હશે, એવો સંતાનોનો વિચાર આવ્યો હશે? એ તો પોતાની પ્રવૃત્તિની દુનિયામાં ખોવાઈ જવાનાં, પણ અહીં પાછળ રહેનાર? બીજા એક કવિએ કહ્યું છે :

**ઘરને તજીને જનારને**
**મળતી વિશ્વની વિશાળતા,**
**પછવાડે અડવા થનારને**
**ભરખે ઘર કેરી શૂન્યતા.**

આખી વાતની વિડંબાના તો એ છે કે વિચ્છેદભાવ દિવાળીના ઉત્સવ સાથે રચાય છે. દિવાળી મંગલપર્વ, મિલનપર્વ, પણ દિવાળી જતાં જ વૃદ્ધ મા-બાપને કર્મે લખાયેલ વિરહપર્વ.

આ કવિતા એકદમ આપણી છે, મારી છે, તમારી છે. હું ઘરમાં બેઠો છું, આ કવિતા માનસપટ પર રચું છું.

હું દિવંગત બા-બાપુનું તીવ્રતાથી સ્મરણ કરું છું. મેંય કદી વિચાર નહોતો કર્યો કે દિવાળીની રજાઓ પૂરી થતાં અમે વિદાય આપ્યા પછી ઘેર પાછાં ફરતાં બાપાના કે બાના પગ કેવા ઢીલા પડી જતા હશે - અને પછી ખાલી આંગણા કે માંડીમાં પ્રવેશતાં પથ્થરની જેર પર જ ખૂંભીને અઢેલીને બા બેસી પડતી હશે...

આવું કેમ? કેમ આવું? આપણે સમજીએ ત્યારે મોડું કેમ થઈ ગયું હોય છે? એક પેઢી, બીજી પેઢી, ત્રીજી પેઢી... આ ક્રમ અનંત છે શું?

# વેળગંગા અથવા સીતાનહાણી

- કાકાસાહેબ કાલેલકર

આપણે સૌ દેશની નદીઓની પરિસ્થિતિથી ચિંતિત છીએ. દેશની તમામ નાની-મોટી નદીઓને કિનારે શહેરીકરણ થયું છે. શહેરની ગંદકી નદીઓમાં ઠલવાય છે. ડેમને કારણે પર્યાવરણનું સંતુલન પણ ખોરવાયું છે ત્યારે અમને કાકાસાહેબ કાલેલકરના નદી ઉપરના નિબંધો યાદ આવ્યા. ''જીવનલીલા'' માં કાકાસાહેબે ભારતની નદીઓનો પરિચય જુદા જ દૃષ્ટિકોણથી કરાવ્યો છે. અમે આ નિબંધો ક્રમશઃ પ્રકાશિત કરવાનો નિર્ણય કર્યો છે જે ઘરશાળાના વાચકોને જરૂર ગમશે.

- તંત્રી

વેરૂળનો લીલો કુંડ જોઈ પાછા વળતાં રસ્તામાં વેળગંગાનું ઝરણું જોયું હતું. એટલું નાનકડું ઝરણું કે એને નાળું પણ ન કહેવાય. પણ એને વેળગંગાનું પ્રતિષ્ઠિત નામ મળેલું છે. નદીનું નામ સાંભળ્યા પછી એનો ઊગમ ક્યાં છે એ શોધ્યા વગર રહેવાય? પણ અમે તો ગુફાઓની અદ્ભુત કારીગરીમાં મસ્તપણે વિહરતા હતા, તેથી વેળગંગાનું સ્મરણ સરખું ન થયું. 'અપૌરુષેય' કારીગરીવાળી કૈલાસની ગુફા છોડી જૈન તીર્થંકરોની ઈન્દ્રસભા તરફ અમે જતા હતા ત્યાં શ્રી અચ્યુત દેશાપાંડેએ કહ્યું કે વેળગંગાનો ઊગમ અહીં જ છે. નામ સાંભળ્યું માત્ર અને વેળગંગા વળગી!

ઈન્દ્રસભાથી પાછા ફરતાં અમે ૨૯મી ગુફામાં આવી પહોંચ્યા. અનેક ગુફાઓમાં રખડવાથી થાક તો સારી પેઠે ચડ્યો હતો. આખા શરીરનાં હાડકાંમાં કળતર શરૂ થયું હતું અને એ જ વખતે મુંબઈ પાસેની ધારાપુરીની એલિફંટાનું સ્મરણ કરાવતી ૨૯મી ગુફાએ ભવ્યતાનો કળશ ચડાવ્યો. ફરી ફરીને પગ વધારે થાક્યા હતા, કે જોઈ જોઈને આંખો વધારે થાકી હતી, એ કહેવું મુશ્કેલ હતું. હવે નાસ્તા સાથે થાક ખાધા પછી જ આગળ જવાય એમ અમે નિશ્ચય કરતા હતા. એટલામાં સીતાનહાણીનું સ્મરણ થયું.

અયોધ્યાથી જનસ્થાન સુધીની મુસાફરી દેવી સીતાએ પગપાળા કરી હતી. ત્યાંથી રાવણ એને ઊંચકીને લંકા લઈ ગયો. દુઃખાવેગમાં સીતાએ દક્ષિણનો એ પ્રદેશ જોયો પણ નહીં હોય, પણ રામે રાવણનો નિઃપાત કરી, એના જ પુષ્પક વિમાનમાં બેસી જ્યારે લંકાથી અયોધ્યા સુધીનો હવાઈ પ્રવાસ કર્યો ત્યારે સીતામાતાએ નીચે જોઈ કેટલો આનંદ માણ્યો હશે! રામાયણમાં વાલ્મીકિએ જ્યાં ત્યાં, સીતાજીનો પ્રકૃતિના સૌંદર્ય પ્રત્યેનો પક્ષપાત વર્ણવ્યો છે. ભવભૂતિએ પણ, સૃષ્ટિસૌંદર્ય જોઈ સીતાને કેવો અલૌકિક આનંદ થતો, એનું વર્ણન આપ્યું છે. સીતાએ જો હિંદુસ્તાનનાં લલિત અને ભવ્ય, સુંદર અને પવિત્ર સ્થાનોનું વર્ણન પોતે લખવાનું માથે લીધું હોત તો, મને લાગે છે કે ત્યાર પછી સંસ્કૃતિમાં કોઈ પણ કવિએ સૃષ્ટિવર્ણનમાં એક લીટી પણ ઉમેરવાની હિંમત ન કરી હોત.

સીતામાતા પહાડો જોઈને રાચતી, નદીઓને આનંદાશ્રુથી નવડાવતી, હાથીનાં બચ્ચાંઓને પંપાળતી, સારસ યુગલોને આશીર્વાદ આપતી, સુગંધી ફૂલોના સૌરભનો નશો કરતી અને દરેક સ્થળે એ બધો આનંદ રામમય બનાવી પોતે સીતા છે એ પણ ભૂલી જતી. લંકામાં રામવિરહથી સુકાતી સીતા પણ ત્યાંની એક નદી સાથે એકરૂપ થયા વગર રહી નહીં. આજે પણ સિલોનની સીતાવાકા ચોમાસામાં બંને બાજુ ઊભરાય છે અને જેટલાં ખેતરો ડુબાડે છે તે બધાંને સુવર્ણમય બનાવી દે છે. સીતાનો જન્મ જ જમીનમાંથી થયેલો. ભારતભૂમિની ભક્તિના રૂપમાં આજે પણ એ આપણને દર્શન દે છે.

સીતાને થયું હશે કે ગોદાવરીના વિશાળ પ્રદેશમાં ચાલી ચાલીને આપણે થાક્યાં. લક્ષ્મણને વનફળ લાવવા મોકલી દઈએ. રામ તો ધનુષ્ય લઈને પહેરો ભરવાના જ. ત્યારે આ ચંદ્રાકાર કરાડ તળે વેળગંગાનું આતિથ્ય સ્વીકારી થોડો જલવિહાર કેમ ન કરીએ?

અમારી દાનત પ્રથમ અનુકૂળ ઠેકાણેથી વેળગંગાના સુંદર પ્રપાતનું ફક્ત દર્શન કરવાની જ હતી. એટલે નંબર ૨૯ની ગુફામાં ગુફાની ડાબી અને અમારી જમણી બાજુએ ઝરૂખો દેખાતો એ તરફ અમે ગયા. મનમાં ચોરી ખરી કે જો નીચે જવાતું હશે તો એ લહાવો લેવાનું ચૂકીએ નહીં.

ઝરૂખામાંથી જોયું તો એક પાતળો પ્રપાત પવન સાથે રમતો નીચે ઊતરે છે અને પોતાની આંગળીઓ હલાવી હલાવી અમને છાનોમાનો નોતરે છે. હું વિચાર કરવા લાગ્યો કે નીચે ઊતરાય કે નહીં, એટલો વખત ખરચાય કે નહીં, સાથીઓને આ સ્વચ્છંદ ગમશે કે નહીં? મને આમ વિમાસણમાં પડેલો જોઈ ખીણમાં દોડમદોડા કરતાં નાનાં નાનાં પક્ષીઓ તિરસ્કારથી હસી પડ્યાં : ‘જુઓ તો, કેવો અરસિક માનવી છે! ધોધ આટલા હેતથી નોતરે છે, અને એ ત્યાં વિચારમાં પડ્યો છે! આ માનવીઓમાં કાવ્ય લખનારાં ઘણાં છે પણ, કાવ્ય માણનારા જવલ્લે જ મળે છે અને આ સામેનો માનવી તો પોતાને પ્રકૃતિનો બાળક કહેવડાવે છે; લોભી આંખે ધોધ તરફ જુએ છે; નીચેનું સ્ફટિક જેવું પાણી જોઈ એનું હૈયું પણ પલળે છે; છતાં એનો સંકલ્પ જામતો નથી, એના પગ ચાલવા માંડતા નથી. એને કોઈએ શાપ આપ્યો નથી, કે ‘તું શિલા થઈને પડ્યો રહીશ.’ છતાં એ પથરાને ચોંટ્યો જ છે!’’

પક્ષીઓની આ નિર્ભર્ત્સના સાંભળી હું શરમાયો અને મને ખબર પડી તે પહેલાં જ મારા પગ પગથિયાં ઊતરવા લાગ્યા. હવે જમણી બાજુથી નીચેનો ધરો ઓળંગી, સામે કાંઠેથી પ્રપાત પાસે અવાય, કે ડાબી બાજુથી કરાડની કેડે ચાલીને ૨૮ નંબરની નાનકડી ગુફા સુધી પહોંચી ત્યાં ધોધના છાંટા લેવાય એ વિચાર મનમાં ચાલ્યો. જમણો રસ્તો લાંબો અને સલામત હતો, જ્યારે ડાબા રસ્તામાં કાવ્ય હતું. નાહવાની તૈયારીથી જ ઊતર્યો હતો, એટલે રખેને પલળી જવાશે એવો તો સવાલ જ ન હતો.

૨૮ નંબરની નાનકડી ગુફાની અંદર એક-બે મૂર્તિઓ છે ખરી, પણ તે ગુફાની અંદર ઝાઝું કાવ્ય નથી. કાવ્ય તો બહાર જ પથરાયેલું છે. એ ગુફામાં બેસી, જો કોઈ બહાર જુએ તો પાણીના પહોળા પડદામાંથી એને આગળની

સૃષ્ટિનો વિસ્તાર જીવનમય દેખાશે. ધોધ પડે છે, પણ તે એટલો જાડો નથી કે આરપાર કશું દેખાય નહીં. આ ગુફા પાણીના પડદા પાછળ ઢંકાયેલી હોવા છતાં બિલકુલ પલળતી નથી, કેમ કે રમતિયાળ પવન પણ પાણીના છાંટા ગુફાની અંદર નથી લઈ જઈ શકતો. ગુફાની જરાક બહાર આવો, તો પછી તકરાર નહીં કરતા કે પવને આપણને કેમ પલાળ્યા.

અમે એ ગુફાથી નીચે ઊતર્યા. પહાડી ચતુષ્પાદ બનીને જ ઊતરવી પડી એ કહેવાની જરૂર ન હોય. જ્યાં એ ધોધ પથરા સાથે ભટકાતો હતો ત્યાં મેં મારું આસન જમાવ્યું. સો ફૂટની ઊંચાઈએથી પાણી પડે તે કાંઈ ગદબદિયાં કરીને સંતોષ નહીં માને. એણે પ્રથમ માથા ઉપર ટપલીઓ મારવાનું શરૂ કર્યું. પછી ખભા ઉપર થપાટ પડી. પછી પીઠ ઉપર રપ્, રપ્, રપ્, રપ્ ચાપટીઓ મળતી જાય અને મુસાફરીનો આખો થાક ઊતરતો જાય. સામાન્ય રીતે આપણે માલિશ કરાવીને પછી નાહીએ છીએ. અહીં તો માલિશ એ જ સ્નાન અને સ્નાન એ જ માલિશ. સીતામાતાએ અહીં પોતાના વાળ છૂટા મૂકી પાણીમાં સાફ કર્યા હશે.

પણ અરે, આ શું! હું રખડું મુસાફર છું કે આ દુનિયાનો બાદશાહ છું? મારી પલાંઠી તળે આ રત્નખચિત આસન ક્યાંથી આવી ગયું? પાણીના તુષાર ચારેકોર ફેલાય છે, જાણે મોતીની માળા! અને આસન તળે બે રૂપાળાં ઈન્દ્રધનુષ્યો મને સમ્રાટની પ્રતિષ્ઠા આપી રહ્યાં છે. અલકાપુરીના કુબેર કરતાં મારો વૈભવ હવે કઈ બાબતમાં ઓછો છે? ઈન્દ્રધનુષ્યની બેવડી કિનારવાળા, ચાંદીના ધાગાવાળા આસન ઉપર બેટો છું અને મોતીની માળાનું ઉત્તરીય ઓઢી અહીં આનંદ કરું છું. માથે સૂર્યનારાયણનું ચળકતું છત્ર છે અને આસપાસ આ ઊડતા દ્વિજગણો જગન્નાથનાં સ્તોત્રો ગાય છે!

શરીર સ્વચ્છ કરવા માટે નહીં, પણ વ્યાયામનો આનંદ લેવા માટે પથરા પર સવાર થઈ, ધોધ તળે મેં આખું શરીર ચોળ્યું. સ્નાનપાનનો આનંદ મેળવ્યો અને રામરક્ષાસ્તોત્રનું સ્મરણ કર્યું. સીતામાઈએ જે સ્થાન પસંદ કર્યું ત્યાં રામરક્ષાસ્તોત્રનું ગાયન જ સ્ફુરે એ સ્વાભાવિક હતું. અને માથાથી પગ સુધી બધાં ગાત્રો ચોળીને સાફ કરતી વખતે ''शिरो मे राघवः पातु भालं दशरथात्मजः'' ઈત્યાદિ શ્લોકો યાદ કરવા એ ન્યાસ કેટલો ઉચિત હતો!

સ્વર્ગે પહોંચેલા લોકો પણ જો અંતે મૃત્યુલોકમાં પાછા આવે છે. તો એ પ્રપાતસ્નાનની મસ્તી ચડ્યા છતાં એમાંથી વ્યુત્થાન કરી પાછા ગદ્યમય જીવનમાં પ્રવેશ કરવાની આવશ્યક્તા જણાઈ એમાં આશ્ચર્ય શું? એટલે આખરે આટલો બધો આનંદ સ્વેચ્છાએ જતો કરવાની પોતાની સંયમશક્તિની કદર કરતો કરતો પાછો આવ્યો. અને નવાં કપડાં પહેરી નાસ્તા માટે તૈયાર થયો! નાસ્તો શું - કલાનિરીક્ષણ કાજે કરેલી બપોર સુધીની તપસ્યા અને પ્રપાતસ્નાનની શાંતિ પછીનું એ અમૃતભોજન જ હતું અને વેળગંગાનો કૃપા-પ્રસાદ.

ગુફામાં સ્થિર થઈને ઊભેલા દ્વારપાળોને જો જોવાની આંખ હોત તો એમણે જરૂર અમારી અદેખાઈ કરી હોત.

# ધરતી પર સૂર્યનું અવતરણ

- ચિંતન ભટ્ટ

મે. ૨૦૨૪માં આ લેખ જ્યારે લખાઈ રહ્યો છે ત્યારે આગામી પાંચ દિવસો સુધી અમદાવાદમાં ‘રેડ એલર્ટ’ જાહેર કરવામાં આવ્યું છે. સૂર્ય તરફથી મળતી આ ગરમીની ભેટ પૃથ્વી પરની સમગ્ર ઊર્જાનો મૂળ સ્રોત છે. આ સમયગાળામાં સૂર્યમાં અસામાન્ય પ્રક્રિયાઓ જોવા મળી, જેને કારણે ધ્રુવીય પ્રદેશની નજીકના દેશોના આકાશમાં રંગબેરંગી ધ્રુવીય પ્રકાશ પણ જોવા મળ્યો. અલબત્ત ‘નામ તેનો નાશ’ એ ઉક્તિ મુજબ એક દિવસ સૂરજનો પણ નાશ થશે - ઠંડો પડી જશે તેવી ખગોળવિદોની આગાહી છે. આ દિવસો જોવા માટે પૃથ્વી પર કોઈ જીવસૃષ્ટિ હશે નહીં. આપણે જે સૂરજને જાણીએ છીએ તેને થોડો વધુ જાણવાનો પ્રયત્ન કરીએ. સૂર્યની સપાટી પરનું તાપમાન લગભગ ૫૬૦૦ ડિસે. છે. ક્યાં આપણું ૪૪ ડિસે. અને ક્યાં ૫૬૦૦ ડિસે તાપમાન! સૂર્યની સપાટી પરથી તેના કેન્દ્ર તરફ જતાં તાપમાન વધતું જાય છે અને કેન્દ્રમાં તે ૧,૫૦,૦૦,૦૦૦ ડિસે. સુધી પહોંચી જાય છે. સપાટીથી બહારની તરફ જતાં પણ તાપમાન વધે છે. સૌર પર્યાવરણના બાહ્ય આવરણને ‘કોરોના’ કહેવામાં આવે છે, જેને આપણે પૂર્ણ સૂર્યગ્રહણ વખતે જોઈ શકીએ છીએ. સૂર્યની દૃશ્યમાન સપાટી કરતાં કોરોનાનું તાપમાન ૧૫૦ થી ૪૫૦ ગણું વધારે હોય છે એટલે કે તે ૧૦ લાખ કેલ્વિનથી ૩૦ લાખ કેલ્વિન સુધી પહોંચી જાય છે. (૧ કેલ્વિન = -૨૭૨.૧૫ ડિસે.). આ પ્રચંડ તાપમાનરૂપી પ્રકાશ ૧૫૧ લાખ કિલોમીટરનું અંતર પ્રતિ સેકન્ડ ૩ લાખ કિલોમીટરની ગતિએ કાપીને ૮ સેકંડમાં આપણા સુધી પહોંચે છે. આ દરમિયાનમાં લાખો ડિસે. તાપમાન થોડાક ડિસે. સુધીનું થઈ જાય છે.

આપણી ઊર્જાભૂખ દિવસે ન વધે તેટલી રાતે વધે છે. સૂર્યની પ્રસાદી સ્વરૂપ પૃથ્વીના ઊર્જા સ્રોતો ખલાસ થવા લાગ્યા છે. આપણે જાણીએ છીએ કે આ સ્રોતોથી ઊર્જા ઉત્પન્ન કરવાની પ્રક્રિયાથી પર્યાવરણને હાનિ થાય છે. જીવન ટકાવી રાખવા માટે ઊર્જા જરૂરી છે અને સ્વચ્છ પર્યાવરણ પણ. મનુષ્યને અમર્યાદિત સ્વચ્છ ઊર્જા પ્રદાન કરવા માટે સૂર્ય જેવું કંઈ નથી. સૂર્યમાં જે રીતે ઊર્જા ઉત્પન્ન થાય છે તે રીતે પૃથ્વી પર ઊર્જા ઉત્પન્ન કરવાનો પ્રયત્ન શરૂ થયો. પરમાણુઓના નાભિકીય સંયોગીકરણથી (Nuclear Fusion) સૂર્ય પર ઊર્જા ઉત્પન્ન થાય છે. આ પરમાણુભઠ્ઠીમાં નાભિકીય વિઘટનથી (Nuclear Fission) ઊર્જા મેળવવામાં આવે છે. સૂર્યની જેમ અને સૂર્ય જેટલી ઊર્જા ઉત્પન્ન કરવાના પ્રયોગમાં અનેક દેશોએ - સંસ્થાઓએ વર્ષ ૧૯૮૫માં હાથ મિલાવ્યા. તેને પ્રતાપે શરૂ થયો આંતરરાષ્ટ્રીય અણુભઠ્ઠીનો પ્રકલ્પ જે ITER (International Thermonuclear Experimental Reactor)ને નામે ઓળખાય છે. આ

મહાપ્રકલ્પનું ધ્યેય સૂર્યની નાભિકીય સંયોગીકરણ પ્રક્રિયાની જેમ પૃથ્વી પર ઊર્જા ઉત્પન્ન કરવાનું છે. જાણે કે ધરતી પર સૂર્યનું અવતરણ! વિશ્વના ૩૫ દેશો આ ભગીરથ કાર્યમાં સહકાર આપે છે. ચીન, યુરોપ, ભારત, જાપાન, રશિયા, દક્ષિણ કોરિયા અને યુ.એસ.એ. - આ સાત દેશો મહાપ્રકલ્પના સભ્યો છે અને તેઓએ આ કામ પાર પાડવાનું બીડું ઝડપ્યું છે. આપણા સૌના ભલા માટેનો આ સહિયારો પ્રયાસ છે જે વર્ષો જૂની ભારતીય માન્યતા 'વસુધૈવ કુટુમ્બકમ્'નું આદર્શ પ્રતીક છે. દક્ષિણ ફ્રાન્સના કેડરાચ (Cadarache) ખાતે વિશાળ અણુ ભઠ્ઠીનું (Reactor) નિર્માણ થઈ રહ્યું છે, જેનો 45% ખર્ચ યુરોપિયન યુનિયન ઉઠાવી રહ્યું છે. તેમાં દશ લાખથી પણ વધારે વિવિધ ઘટકોનો ઉપયોગ થશે જે ૪૫ જેટલા દેશો મોકલશે. ITERના નિર્માણનું કાર્ય ફ્રાન્સમાં ૨૦૧૩માં શરૂ થયું હતું. તેનું કુલ બજેટ ૬૫૦૦ કરોડ (65 billion) ડોલર અંદાજવામાં આવ્યું છે. આશા છે કે ૨૦૨૫ સુધીમાં ITER તેના પ્રથમ પ્રયોગ માટે તૈયાર થઈ જશે. અત્યાર સુધીનો આ સૌથી ખર્ચાળ વિજ્ઞાનપ્રયોગ છે. વિજ્ઞાનીઓ અને ઇજનેરો તેમજ સમગ્ર માનવજાત માટે આ એક સૌથી મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ છે. અમદાવાદની ઇન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાઝમા રિસર્ચ (IPR) સંસ્થા તેમાં સહભાગી છે.

આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પમાં ભારત ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના (૨.૨ બિલિયન ડોલર) સંસાધનોનું યોગદાન આપશે. જે મૂળ બજેટના ૧૦% થી પણ ઓછું છે અને તેના બદલામાં ભરતને મળશે ITER સંબંધિત બૌદ્ધિક સંપદામાં ૧૦૦% પ્રવેશ. આ અનુભવે ભવિષ્યમાં ભારતભૂમિ પર બાળઆદિત્યનું અવતરણ શક્ય બનશે જે આપણી ઊર્જામાંગને સંતોષી શકશે. ITER રિએક્ટરના નિર્માણમાં ભારત બે પ્રકારનાં સંસાધનોનું યોગદાન આપશે જે અત્યારે આપી રહ્યું છે. ભારતીય ઉદ્યોગો દ્વારા નિર્મિત અને રિએક્ટરના નિર્માણમાં ઉપયોગી કેટલીક સામગ્રી ભારત પૂરી પાડશે. વાયદા મુજબ કેટલીક સામગ્રી પહોંચાડી પણ દીધી છે. આમ વિશ્વના સૌથી મોટા પ્રકલ્પમાં 'Made in India' પણ દૃષ્ટિગોચર થાય છે. ITERના સૌથી મોટા ઘટકો - ક્રાયોસ્ટેટ ભારતે પૂરા પાડ્યા છે. ક્રાયોસ્ટેટ ૩૦ મીટર ઊંચું અને ૩૦ મીટર વ્યાસનું ITER મશીનનું શૂન્યાવકાશવાળું બાહ્ય આવરણ છે. મશીન અને તેના ઘટકોને તેનાથી રક્ષણ મળે છે. ૫૪ જુદા જુદા ભાગોથી બનેલા ક્રાયોસ્ટેટનું ઇન્સ્ટિટ્યૂટ ઑફ પ્લાઝમા રિસર્ચની ITER - ભારતની ટીમની દેખરેખમાં એલ અન્ડ ટીએ હજીરા-ગુજરાતમાં નિર્માણ કર્યું છે. બધા ભાગોનું કેટલુંક સંકલન ભારતની કાર્યશાળામાં તો બાકીનું ITERના સ્થળ પર કરવામાં આવ્યું હતું. ૩૮૦૦ ટનથી પણ વધારે વજનનું ક્રાયોસ્ટેટ પણ આપણે મોકલી આપ્યું છે. હા, આ પણ 'Made in India'. આ પ્રકલ્પમાં લગભગ ૧૦૦૦ કરોડ રૂપિયાની આર્થિક સહાય આપવાનું પણ ભારતે વચન આપ્યું છે. આ ભગીરથ કાર્ય માટે માનવસંસાધનની પણ જરૂર પડે. આ માટે દરેક સહભાગી દેશ ૧૦% સુધીનો સ્ટાફ પૂરો પાડે તેવી સમજૂતી થઈ છે. આ મુજબ લગભગ ૧૦૦ ભારતીય ઇજનેરો અને વિજ્ઞાનીઓ ત્યાં મોકલવા જોઈએ. મળતી માહિતી મુજબ અત્યારે ત્યાં ૨૫ ભારતીયો કામ કરે છે. ત્યાં કામ કરતા ઇજનેરો અને

વિજ્ઞાનીઓ પ્રકલ્પની ઝીણી ઝીણી માહિતીથી અવગત થાય છે. અનુભવથી જે જ્ઞાન મળે છે - કૌશલ્યનો વિકાસ થાય છે તે અન્ય કોઈ રીતે થતો નથી. આ ક્ષેત્રના નિષ્ણાતોનું કહેવું છે કે આપણે ૧૦૦ ઈજનેરો/વિજ્ઞાનીઓ મોકલવા જોઈએ. જો આપણે નહીં મોકલીએ તો તેની ખોટ ચીન કે કોરિયા જેવા અન્ય દેશોના ઈજનેરોથી ભરપાઈ થશે અને આપણા ઈજનેરો અમૂલ્ય અનુભવથી વંચિત રહી જશે.

એપ્રિલ, ૨૦૨૪ના સમાચાર મુજબ દક્ષિણ કોરિયાએ 'કૃત્રિમ સૂર્ય' પ્રકલ્પ અન્વયે એક સીમાચિહ્ન સ્થાપ્યું છે. CNN સંચાર ચેનલના જણાવ્યા મુજબ ડિસે. ૨૩ થી ફેબ્રુ. ૨૦૨૪ના ગાળામાં દક્ષિણ કોરિયાની ટીમે પ્લાઝમાનું તાપમાન ૧૦૦૦ લાખ ડિસે.નું ૪૮ સેકંડ સુધી મેળવ્યું. આ તાપમાન સૂર્યના અંદરના ભાગના (Core) તાપમાન કરતાં સાત ગણું વધારે છે. બે પરમાણુઓના સંયોગથી (fusion) પ્રચંડ ઊર્જા ઉત્પન્ન થાય છે. સૂર્ય અને બીજા તારાઓ આ પ્રક્રિયાથી ઊર્જા ઉત્પન્ન કરીને ચમકે છે. ફ્યૂઝન ઊર્જા મેળવવાની સૌથી સામાન્ય રીતમાં મેંદુવડા આકારના વિશાળ રિએક્ટરનો ઉપયોગ કરવામાં આવે છે. આ રિએક્ટર 'ટોકામેક' (Tokamak) તરીકે ઓળખાય છે. ચીને પણ પોતાને હિસ્સે આવતા ઘટકો પહોંચતા કરી દીધા છે. આ માટે ચીને પણ ૧૬૦૦ ટનનું 'ટોકામેક' વિકસાવ્યું છે.

આ પ્રકલ્પને કાર્યાન્વિત કરવા માટે જેટલી ઊર્જા વપરાશે તેનાથી દશ ગણી ઊર્જા તે ઉત્પન્ન કરશે. કૃત્રિમ સૂર્ય આપણા પાવરહાઉસ, સોલાર પૅનલ, અશ્મીય ઈંધણ... જેવા ઊર્જાના સ્રોતોનો પૂરક બની શકે, પણ આદિ સૂર્યનારાયણનો પર્યાય ક્યારેય ન બની શકે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૩ થી ચાલુ)

કલા-કૌશલ્ય, વિનય અને શ્રમ જેવા ગુણોનું સિંચન પણ કરે તે સાચી શિક્ષણ-સંસ્થા છે.''

''બહેન, આ દિશામાં આપે ઘણું ચાલી બતાવ્યું છે...''

''ના, ભાઈ, આ બધું એકલે હાથે થાય ખરું? જેમના સાથ થકી આટલું ચાલી શકાયું તેમનામાંથી કોનાં નામ લઉં ને કોને છોડું? પણ ખરેખર તો મને પ્રશ્ન બીજો જ થાય છે : અમને સૌને એક સ્થળે ભેગાં કોણે કર્યાં? કોણે સમુદ્રમાં તરતાં છૂટાંછવાયાં લાકડાંના કટકાઓને ભેગા કર્યા, ને કોણે રાજકોટના આંગણે આવી એક સંસ્થા ઊભી કરાવી! તે મહાન શક્તિના આપણે તો ખાલી હાથ-પગ! તેનો જ આભાર, તેને જ વંદન!''

સને ૧૯૯૫-૯૬માં સંસ્થાને પચાસ વરસ પૂરાં થતાં તેની સુવર્ણજયંતિ રંગેચંગે ઉજવાઇ. આ સંસ્થામાં પોતાના પ્રાણ નિચોવી અડધા સૈકા સુધી નાની-મોટી અનેક જવાબદારીઓ પાર પાડ્યાના ઊંડા સંતોષ સાથે સુભદ્રાબહેન સંસ્થાની સક્રિય જવાબદારીમાંથી મુક્ત થયાં. (૧૯૯૬) હા, છતાં તેના ટ્રસ્ટીમંડળમાં ઉપપ્રમુખ ખરાં! હાલે નિશ્ચિત મને વડોદરા વસીને ભાવસભર ભૂતકાળને ભાળતાં સુભદ્રાબહેન આંખે ઓછું ભાળે છે પણ શબ્દ 'શિક્ષણ'ને આદતવશ પંપાળે-સંભાળે છે! એમના શિક્ષણપ્રેમને પ્રણામ.

(સુભદ્રાબહેન શ્રોફ, સી. ૧૨, કાલિન્દી ફ્લેટ્સ, પશાભાઈ પટેલ પાર્ક, ગોત્રી રો ડ, વડોદરા - ૩૯૦ ૦૦૭)

# ફરી કુદરતના ખોળે

## પક્ષીના માળાની રચના અને ખાસિયતો

- જગત કીનખાબવાલા
(સ્પેરો મેન)

જેવી સુંદર રચના કુદરતે પક્ષીઓની કરી છે તેવી રીતે પક્ષીને માળાની ગૂંથણીનું કૌશલ્ય/Skill આપેલું છે. દરેક જાતના પક્ષીને કુદરતે પોતાની જરૂરિયાત મુજબ માળો બનાવવાની કાબેલિયત આપેલી છે. તેઓ સુંદર, કાર્યાત્મક/Functional, વૈજ્ઞાનિક ગૂંથણી, મજબૂત માળો સમજી વિચારીને સાવચેતીથી સલામત જગ્યાએ બનાવી લે છે. આ માળો બનાવતી વખતે ખાસ કરીને પોતાની પસંદગીની માદાને તે માળો સુંદર અને સલામત લાગશે તે ધ્યાનમાં રાખીને માળો બનાવે છે અને નર તે સમયગાળામાં માદામય રસિક/romantic બની જાય છે.

માળો એટલે પક્ષી માટે દર વર્ષે ઈંડા મૂકવાનું ઘર. ઈંડાને સેવે, બચ્ચાને ખોરાક આપી ઉડવાનું શિક્ષણ આપી, ઉડતાં શીખવાડે અને ત્યારબાદ બચ્ચાં કુદરતમાં વસે. કુદરતમાં વસી ગયા બાદ તે માળાનો ઉપયોગ બીજી ઋતુમાં ફરી ગર્ભધારણ કરે ત્યારે ફરીથી માળો વાપરી શકે છે. તે સિવાય માળો એટલે તેમનું કાયમી રહેઠાણ નથી.

દરેક પક્ષીની માળો ગૂંથવાની રીત અને કલા કાયમી એક સરખી ચાલી આવતી હોય તેવી રીતે માળો બનાવતા હોય છે. એટલે એમ સમજી શકાય કે માળો જોઈને જાણકાર વ્યક્તિ સમજી શકે કે કયા પક્ષીનો માળો છે. વરસોવરસ તેમાં ફેરફાર નથી થતા હોતા. હા, માળામાં ભરવા માટેનો કાચો માલ જે તે સ્થળે મળે તેની ઉપર ચોક્કસ આધાર રાખે છે. હાલમાં વિકાસની દોટમાં સુગરી જેવા અને અન્ય પક્ષીઓને માળો ગૂંથવા માટે જોઈતો કાચો માલ આસપાસના વિસ્તારમાંથી મળતો ઓછો થતો જાય તેમ તેમ તેઓ પોતાનો કાયમી વસવાટનો વિસ્તાર છોડીને બીજા વિસ્તાર તરફ કાયમી જતા રહેતા હોય છે. ક્યારેક તેઓનો રચેલો માળો કોઈએ તોડી નાખ્યો હોય તો છેલ્લી ઘડીએ તેઓએ ઈંડા ગમે ત્યાં મૂકી દેવા પડતા હોય છે અને ઈંડા સફળ થવાની શક્યતા ખૂબ જ ઓછી થઈ જાય છે.

પક્ષીઓની પ્રજનનની ચોક્કસ ઋતુ હોય છે અને તે પ્રમાણે તેઓ અનુકૂળ ઋતુમાં માળો બનાવી ઈંડા મૂકી બચ્ચાનો ઉછેર કરતા હોય છે. ઘણી જાતના પક્ષી પોતાના એક વતનના ખૂબ ઠંડા પ્રદેશમાં શિયાળો બેસતા પહેલાં ઋતુપ્રવાસ પણ નિયમિત રીતે યોગ્ય સમયે કરતા હોય છે અને પોતાના નિર્ધારિત બીજા વતનમાં પ્રજનનની ઋતુમાં પહોંચી જતા હોય છે. આવા પક્ષીઓમાં ખાસ કરીને સુરખાબ/Flamingo ખૂબ જાણીતું પક્ષી છે જે કચ્છના રણમાં ચોમાસાના પાણી ભરાયેલા ખુલ્લા વિસ્તારમાં હજારો માઈલની મુસાફરી કરી ઈંડા મૂકવા માટે આવે છે. જ્યારે ચાતક/Jacobin Robin જેવા પક્ષી હિમાલયના ખૂબ જ ઠંડા શિયાળામાં ગુજરાત તેમજ મધ્ય ભારત અને

વિવિધ વિસ્તારમાં આવી પ્રજનન કરી પોતાની પ્રજનન ઋતુ પુરી થાય ત્યારે ફરીથી પાછા પોતાના બીજા વિસ્તારમાં જતા રહેતા હોય છે. આમ તેમને વસવાટના કાયમી બે વિસ્તાર હોય છે અને બંને જગ્યામાં ઋતુ પ્રમાણે જીવન ગુજારતા હોય છે. ખાસ કરીને ચકલી જેવા માનવ વસાહત આસપાસ જીવતા પક્ષીને માળામાં ભરવા માટે કાચોમાલ ન મળે તો તેઓ પ્લાસ્ટિકના ટુકડા, દોરા, કાપડના ગાભા વગેરે બખોલમાં ભરીને માળો બનાવી લેતા જોવા મળ્યા છે. હાલના સમયમાં પક્ષીને માળો ગૂંથવા માટેનો કાચો માલ વગેરે ન મળે તો બુલબુલ, દૈયડ/Magpie robbins, કાબર/mayna, દેવચકલી/Indian Robins જેવા પક્ષીઓ ચકલી માટે ગોઠવેલા માળામાં પોતાના ઈંડા મૂકતા જોવા મળે છે. જ્યારે મુનિઆ/Indian Silverbills સામાન્ય રીતે સુગરીના વપરાઈ ગયેલા અને બચ્ચાં ઊડી જાય ત્યારબાદના જૂના માળામાં અને ચકલીના માળામાં ઈંડા મૂકતા જોવા મળે છે તે બહુ સામાન્ય વાત છે.

સુગરી જેવા પક્ષીનો માળાની રચના ખૂબ જ આગવી હોય છે. સુગરીનો માળો ઊંધો લટકતો હોય છે. એટલે કે સુગરી નીચેથી ઉપર જઈ શકે તેવો માળો હોય છે. નીચેથી દાખલ થવાનો રસ્તો સાંકડો હોય છે - માળાનો વચ્ચેનો ભાગ પહોળો હોય છે. જ્યાં ઈંડા મૂકે છે અને તે સહેજ વણાંકમાં બારીકીથી રચેલો હોય છે. જે કારણે ઈંડા કે બચ્ચાં નીચે રગડી પડતા નથી. છેક ઉપરના ભાગમાં નર સુગરી અનુકૂળ વૃક્ષની પાતળી ડાળી ઉપર બારીકાઈથી પહેલો ટાંકો લઈ માળો ગૂંથવાની શરૂઆત કરે છે. નર સુગરી એક કરતાં વધારે માળા ગૂંથે છે. તેમાંથી માદા સુગરી જે માળો પસંદ કરે તે માળો ઉપયોગમાં લેવાતો હોય છે જે તેમની એક વિશિષ્ટ ખાસિયત છે.

સુગરીની જેમ નાના શક્કરખોરો/Purple Sunbird માળો પાતળી ડાળીના છેડે બનાવે છે જેથી માળો શિકારી પક્ષી અને સાપથી બચીને રહે. પોતાના વજનના કારણે સાપ કે મોટા પક્ષી માળાની પાતળી ડાળ ઉપર બેસી શકતા નથી અને માટે તેઓ ત્યાં ઈંડા કે બચ્ચા ખાવા માટે ત્યાં પહોંચી શકતા નથી. માળા માટે પાતળી સળીઓ, રેસા વગેરે વાપરે છે અને વચ્ચે ઈંડા મૂકવા માટે પોચી વસ્તુઓ ભેગી કરીને ગાદી જેવો ભાગ બનાવે છે જેનાથી ઈંડા અને બચ્ચાની અનુકૂળતા સચવાય. વચ્ચેના ઈંડા મૂકવાના ભાગમાં પોચી ગાદી જેવો ભાગ બનાવવાની વ્યવસ્થા લગભગ દરેક પક્ષીના માળામાં જોવા મળે છે.

દરજીડો/Tailor bird પોતાનો માળો ગૂંથવાની કાબેલિયતને કારણે ઘણો જાણીતો છે. માળો ગૂંથવા માટે તે પામ જેવા વૃક્ષના પાંદડાની પટ્ટીઓ બનાવી દરજીની જેમ એક પટ્ટીને બીજી પટ્ટી સાથે સીવે છે અને માળો ગૂંથે છે. ગૂંથેલા માળાની અંદરના ભાગમાં તે પોચું ઘાસ અને બીજો કાચો માલ ભરીને ગાડી બનાવી તેમાં ઈંડા મૂકે છે. આ નાનું પક્ષી જે ખૂબ જ ચબરાક અને ચંચળ છે તે સતત ઉડાઉડ કરે છે અને તેનો માળો જોવો તે એક લહાવો ગણાય. તેના માળાના ટાંકા જુવો તો દરજી જેવી સિલાઈના માપસરના ટાંકા જોવા મળે અને તેનાથી માળાને મજબૂત અને સલામત બનાવે છે.

ફડકફુતકી/Indian Prinia પણ એક નાનકડું પક્ષી છે જેનો માળો પણ આગવો હોય છે. તેની એક ખાસિયત છે કે જો તે માળાની જે જગ્યા શોધે છે ત્યારે માળાની ઉપરના ભાગમાં મોટા પાંદડાવાળો છોડ શોધીને તે પાંદડાને છોડમાંથી કાપ્યા વગર તેનો ઉપયોગ કરીને વળાંક આપીને માળો બનાવે છે. તે માળામાં તે વળાંકવાળા ભાગમાં બીજા રેસાથી ટાંકા લે છે અને તે કારણે તે પાંદડુ સૂકાતું નથી અને તે કારણે તે પાંદડામાં ફાટ/તિરાડ પડતી નથી અને માળાને વધારે લાંબા સમય સુધી વધારે સલામતી અને મજબૂતી મળે છે. આ ઉપરાંત તે કારણે તે જગ્યાએ માળો છે તે શિકારને ધ્યાનમાં આવતું નથી અને છદ્માવરણ/camoufloge બની જાય છે. આ ખૂબ જ ચાતુર્ય ભરેલું કામ છે અને ઈંડા તેમજ બચ્ચાને શિકારથી બચાવીને રાખે છે.

ગીધ વિવિધ જાતના હોય છે. તેમના માળાની વિશિષ્ટતા માળાનું કદ/જૈડીની હોય છે. તેઓ માળો ખૂબ મોટો બનાવે છે. ૫ ફુટથી શરૂ કરીને ૧૦ ફૂટના ઘેરાવામાં હોય છે. દર વર્ષે તે જૂનો માળો વાપરે છે અને સમયાંતરે તે માળાને મોટી ડાળીઓ ઉમેરીને મોટો કરતા હોય છે. આવા મોટા માળા ૨૦ ફૂટ સુધીના જોવા મળે છે. આ કારણે મોટામાં મોટા માળાનું વજન ૨૭૦૦ કિલોગ્રામ કરતા પણ વધારે જોવા મળેલું છે.

કબૂતર પણ સળીઓનો વેરવિખેર ઢંગધડા વગરનો માળો બનાવે છે. તેઓની વસ્તી ખૂબ વધી રહી છે અને વૃક્ષ ઓછા થઈ રહ્યાં છે માટે જ્યાં પણ જગ્યા મળે ત્યાં થોડી સળીઓ ગોઠવી દઈ ઈંડા મૂકી દે છે. ઊંચા માળે બાલકનીમાં પણ મૂકેલા છોડના કુંડામાં સળીઓ ગોઠવી અથવા સીધે સીધા ઈંડા કુંડાની માટીમાં મૂકી દે છે.

બુલબુલ જેવા પક્ષી ગીચ ઝાડીમાં સલામત રહે અને બહાર દેખાય નહીં તેવી જગ્યાએ સળીઓને વાળીને કપ જેવો ગોળ આકારનો માળો બનાવે છે. જ્યારે ગોળ કપ જેવો માળો ગૂંથીને શૌબિંગી/Common Iora જેવા પક્ષી તેની ઉપર મજબૂતી માટે કરોળિયાના જાળાથી લીંપણ કરે છે. કરોળિયાના જાળા એક ચીકણો પદાર્થ હોય છે. મૂળભૂત રીતે કરોળિયાએ પોતાના શરીરના પ્રોટીનમાંથી રેસા બનાવેલા હોય છે, જેનાથી શૌબિંગી જેવા પક્ષીનો માળો મજબૂત તેમજ પાણીથી પલળે તો પણ સલામત રહી શકે છે.

માળો બનાવવા માટે હંમેશા વૃક્ષની સળીઓ, રેસા/fiber, પાંદડાં, કરોળિયાના જાળાં, માટી જેવા પદાર્થ વગેરે વપરાતા હોય છે. જે માળા દીવાલ ઉપર માટી ચોંટાડીને ફિન્ચ, તારપૂંછ/તારોડિયું/Swallo જેવા પક્ષી પાણીની નજીકના સલામત વિસ્તારમાં ચીકણી માટીને પોતાની લાળથી ભીની કરી દીવા ઉપર ચોંટાડી દે છે જે સૂકાતાં કઠણ થઈ જાય છે અને માળો છત ઉપર ચોંટેલો રહે છે.

આખાયે વિશ્વમાં દરેક જાતના પક્ષી પોતાની જરૂરિયાત પ્રમાણે વિવિધ પ્રકારના અને આગવા માળા બનાવતા જોવા મળે છે.

પ્રકૃતિ એ જીવતા ભગવાન છે અને પ્રકૃતિ દરેક જીવની કાળજી લઈ જીવાડે છે.

સ્નેહ રાખો - શીખતાં રહો - સંભાળ રાખો (Love - Learn - Conserve)

(૬, બીજલ બંગલો, શ્યામલ ચાર રસ્તા પાસે,
અમદાવાદ-૩૮૦ ૦૧૩)

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**જેઈઈ એડવાન્સ પરીક્ષામાં દેશના ટોપ ૧૦૦માં રાજકોટના ચાર સહિત ગુજરાતના છ વિદ્યાર્થીઓ :**

દેશની વિવિધ આઈઆઈટીમાં પ્રવેશ માટે લેવાયેલી જેઈઈ એડવાન્સ પરીક્ષાનું પરિણામ જાહેર થયું છે. જેમાં દેશના ટોપ ૧૦૦ ઓલ ઈન્ડિયા રેન્કમાં ગુજરાતના છ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. રાજકોટની વિદ્યાર્થિની દ્વિજા પટેલ સાતમા રેન્ક સાથે દેશના ટોપ ૧૦માં આવી છે અને ગર્લ્સ ટોપર બની છે. જ્યારે અમદાવાદના બે વિદ્યાર્થી દેશના ટોપ ૧૦૦ રેન્કમાં આવ્યા છે. દેશના ટોપ ૧૦૦૦ રેન્કમાં આ વર્ષે ગુજરાતના ચાલીસથી વધુ અને અમદાવાદના ૨૦થી વધુ વિદ્યાર્થીઓ હોવાનો અંદાજ છે. રાજકોટના ચાર સહિત અમદાવાદના જે બે વિદ્યાર્થીઓ ટોપમાં આવ્યા છે. તેમના નામ નીચે મુજબ છે : (૧) દ્વિજા પટેલ (૨) અક્ષર ઝાલા (૩) અવધ હિન્ડોચા (૪) મૃગાંક ગોએલ (૫) હર્ષલ કાનાણી (૬) ફેનિલ પટેલ

કટ ઑફ સ્કોર ઊંચો ગયો.

| કેટેગરી | લઘુતમ માર્ક્સ | |
|---|---|---|
| | ૨૦૨૪ | ૨૦૨૩ |
| કોમન રેન્ક - ઓપન | ૧૦૯ | ૮૬ |
| ઓબીસી | ૯૮ | ૭૭ |
| ઈ ડબલ્યુ એસ | ૯૮ | ૭૭ |
| એસસી | ૫૪ | ૪૩ |
| એસટી | ૫૪ | ૪૩ |
| પી ડબલ્યુ ડી | ૫૪ | ૪૩ |

ઘરશાળા માસિક પરિવાર સૌને હાર્દિક અભિનંદન પાઠવે છે.

**સાયન્સ - મેથ્સ સાથે યુજી-પીજી પાસ વિદ્યાર્થીને એમ.ઈ. માં પ્રવેશ મળી શકશે :**

નેશનલ એજ્યુકેશન પોલિસી અંતર્ગત ગયા વર્ષે યુજી કોર્સીસ માટેનું કરિક્યુલમ ક્રેડિટ ફ્રેમ વર્ક જાહેર કર્યા બાદ યીજીસીએ હવે આ વર્ષે પીજી માટે કરિક્યુલમ એન્ડ ક્રેડિટ ફ્રેમ વર્ક જાહેર કર્યું છે. જેની ગાઈડ લાઈન મુજબ સાયન્સ, ટેક્નોલૉજી, એન્જિનિયરિંગ કે મેથ્સ એટલે કે સ્ટેમ સબજેક્ટ સાથે યુજી-પીજી પાસ વિદ્યાર્થીને એમ.ઈ.- એમ.ટેક.માં પ્રવેશ મળશે. ટેક્નોલૉજિકલ કોર્સિસમાં હાલના માળખા મુજબ બી.ઈ.- બી.ટેક. પાસ વિદ્યાર્થીને જ એમ.ઈ.- એમ.ટેક.માં પ્રવેશ મળે છે. પરંતુ હવે

ફ્રેમવર્કની જોગવાઈ મુજબ સ્ટેમ સબજેક્ટ સાથે યુજી-પીજી પાસ વિદ્યાર્થીને એમ.ઈ.-એમ.ટેક.માં પ્રવેશ મળશે. ઉપરાંત યુજી થી પીજીમાં જનારા વિદ્યાર્થી વિષય પણ બદલી શકશે.

**પીજી માટેનું ક્રેડિટ પોઈન્ટ સ્ટ્રક્ચર**

| ક્વોલિફિકેશન | લેવલ | ક્રેડિટસ | ક્રેડિટ પોઈન્ટ |
|---|---|---|---|
| પીજી ડિપ્લોમા | ૬ | ૪૦ | ૨૪૦ |
| ચાર વર્ષ યુજી બાદ એક વર્ષ | ૬.૫ | ૪૦ | ૨૬૦ |
| ત્રણ વર્ષ યુજી બાદ બે વર્ષ | ૬.૫ | ૪૦ + ૪૦ | ૨૬૦ |
| ચાર વર્ષના બીઈ- બીટેક | ૭ | ૪૦ + ૪૦ | ૨૮૦ |

**જ્ઞાન સહાયકોની છ હજાર જગ્યા ખાલી :**

સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ગયા વર્ષે રાજ્યમાં સરકારી-ગ્રાન્ટેડ શાળાઓમાં કેન્દ્રીયકૃત પ્રક્રિયાથી જ્ઞાન સહાયક શિક્ષકો ભરવાની યોજના શરૂ કરાઈ હતી ત્યારે ગયા વર્ષે નિમણૂંક પામેલા જ્ઞાન સહાયકોમાંથી અનેક જ્ઞાન સહાયકો હાજર જ ન થતાં જગ્યા ખાલી પડી હતી. તેમાં પણ રાજ્યમાં મોટી સંખ્યામાં શિક્ષકો નિવૃત્ત થતાં હાલમાં ધોરણ ૯ થી ૧૨માં સરકારી-ગ્રાન્ટેડ શાળાઓમાં છ હજારથી વધુ જગ્યાઓ ખાલી પડી છે. જેમાં માધ્યમિક વિભાગમાં ૨૦૭૪ જગાઓ અને ઉચ્ચત્તર માધ્યમિકમાં ૪૩૧૬ (ચાર હજાર ત્રણસો સોળ) જ્ઞાન સહાયકની જગ્યાઓ ખાલી પડી છે.

ગયા વર્ષે માધ્યમિકમાં ૫૨૫૦ અને ઉચ્ચત્તર માધ્યમિકમાં ૩૭૧૭ જગ્યાઓ ભરવા માટેની પ્રક્રિયા પૂર્ણ કરાઈ હતી. પંરતુ અગિયાર મહિનાની હંગામી નોકરીના પગલે શિક્ષકો આવતા નથી. હાલમાં અમદાવાદમાં માધ્યમિક વિભાગમાં ૬૧ અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ૯૧ જગ્યા ખાલી પડી હતી. જ્યારે નિવૃત્તિના કારણે માધ્યમિકમાં ૭૪ અને ઉ.મા. વિભાગમાં ૬૧ જગ્યા ખાલી પડી છે. આમ, કુલ માધ્યમિક વિભાગમાં ૧૩૫ અને ઉ.મા. વિભાગમાં ૧૫૨ શિક્ષકોની જગ્યા ખાલી પડી છે. આ જગ્યાઓ ભરવા માટે જરૂરી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**રાજ્યમાં ૨૫૭૪ શાળાઓ જર્જરિત હાલતમાં, ૭૫૯૯માં તો પતરાંની છત નીચે અભ્યાસઃ**

ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણની હાલત સારી નથી. શાળાઓમાં પૂરતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મેનપાવરનો અભાવ છે. રાજ્યમાં ૨૫૭૪ શાળાઓ જર્જરિત હાલતમાં છે. જ્યારે ૭૫૯૯માં તો પતરાની છત છે. રાજ્યના શિક્ષણ વિભાગ સ્કૂલ ઓન વ્હીલ પ્રોજેક્ટ હેઠળ હાલ કચ્છ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં અગરિયાઓના બાળકો માટે કુલ ૩૮ શાળાઓ મોબાઈલ વાનમાં શરૂ કરી છે. જો અન્ય રાજ્યોમાં ઓરડાઓની હાલત નહીં સુધરે તો બધી જગ્યાએ શાળાઓ હવે મોબાઈલ

વાનમાં શરૂ કરવી પડે તેવી હાલત છે. પ્રાથમિક શાળાઓમાં હાલ ૩૮ હજાર કરતા વધુ શિક્ષકોની ઘટ છે.

શિક્ષણ વિભાગ તરફથી આપવામાં આવેલા સત્તાવાર આંકડા પ્રમાણે રાજ્યની ૪૪ હજાર કરતાં વધુ પ્રાથમિક શાળાઓ પૈકી ૧૪૬૦૦ શાળાઓમાં એક વર્ગખંડમાં એક કરતા વધુ ધોરણના વિદ્યાથીઓ અભ્યાસ કરી રહ્યા છે. ૫૬૧૬ સરકારી શાળાઓને વિદ્યાર્થીઓના અભાવે મર્જ કરી દેવામાં આવી છે અથવા તો બંધ કરી દેવાઈ છે. રાજ્યની ૧૬૦૬ શાળાઓ માત્ર એક શિક્ષકથી ચાલે છે.

ગુજરાતના પ્રાથમિક શિક્ષણની આ કરૂણતા છે. આ કરૂણતા વેળાસર દૂર થાય એ જ ઈચ્છવા જોગ.

## ટૂંકાવીને

- સાયન્સ ''એ'' ગ્રૂપમાં બેઝિક ગણિતથી પણ પ્રવેશ પૂરક પરીક્ષા જોગવાઈ રદ
- એનસીઈઆરટીના પોલિટિકલ સાયન્સના પુસ્તકમાં સુધારો કરવામાં આવ્યો.
- ધોરણ-૧૨ના પુસ્તકમાંથી બાબરી મસ્જિદ, કારસેવા, વિધ્વંસની વિગતો હટાવાઈ.
- ગુર્જર પ્રકાશન દ્વારા તા. ૧૧-૫-૨૦૨૪ના રોજ સાંજે ૬-૦૦ વાગે અમદાવાદના જે.બી. ઓડિટેરિયમમાં પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના જીવન અને કાર્યના વિવિધ પાસાઓ વર્ણવતા 'શબ્દ અને શ્રુત' નામના ગ્રંથનું વિમોચન કરવામાં આવ્યું.
- ગુજરાતના સ્વપ્ન શિલ્પી શ્રી ચંદ્રકાંત બક્ષીની જન્મ જયંતી નિમિત્તે અરસપરસ મેગેઝીન અને શ્રી ચંદ્રકાન્ત બક્ષી સાહિત્ય વર્તુળ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે ટૂંકી વાર્તા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ગ્રામ્ય આદિવાસી વિસ્તારોમાં એક શાળામાં એક શિક્ષક ૭૦૦ શાળામાં એક શિક્ષક
- ૧૪૬૧ શાળામાં એક જ વર્ગ લગભગ ૩૮ હજાર વર્ગખંડની અછત

❀ ❀ ❀

રમત માત્ર શરીર કસવા માટે જ રમવાની હોતી નથી. રમત માણસના શરીરને લાભ કરે છે, તેનાં કરતાં તેના મનને, તેના નૈતિક જીવનને વધુ લાભ કરે છે. માણસમાં સંયમ ઈચ્છા શક્તિ વધારે છે. હારને જીરવવાની તાકાત આપે છે. બીજા સાથે સહકાર કરવા અનાયાસે શીખવાડે છે. રમત માણસમાં આશાવાદ કેળવે છે. રમત મન અને શરીરની સર્વ શક્તિઓને એકાગ્ર કરતાં શીખવાડે છે. તેથી જ સારો ખેલાડી સારો નાગરિક, સારો સિપાઈ, સારો નેતા, સારો માનવી બને તે સંભવ છે.

**- રઘુભાઈ નાયક**

❀ ❀ ❀

**તા. ૧૪/૭/૨૦૨૪ને રવિવારના રોજ શ્રીમતી જશીબેન રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ, અસારવામાં સવારે ૯:૦૦ કલાકે સરસ્વતી વિદ્યામંડળ તથા ગુજરાત કેળવણી પરિષદના સંયુક્ત ઉપક્રમે ''ગ્રંથ ગોષ્ઠિ'' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી પાર્થભાઈ ત્રિવેદીએ શ્રી મનુભાઈ પંચોળી લિખિત ''અમૃત વલ્લી'', શ્રી સંજયભાઈ રાવલે શ્રી મનસુખભાઈ સલ્લા લિખિત ''અનુભવની એરણે'' તથા શ્રી આશાબેન વૈદ્યે મુ. શ્રી જશીબેન નાયક લિખિત ''કાળી વાદળી ઉજળી કોર'' પુસ્તકોનું રસદર્શન કરાવ્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં સરસ્વતી વિદ્યામંડળના મંત્રી શ્રી જ્યોતીન્દ્રભાઈ દવેએ આવકાર અને પરિચય આપ્યો હતો. અને ગુજરાત કેળવણી પરિષદના વડીલ શ્રી મનસુખભાઈ સલ્લાએ કેળવણી પરિષદની પ્રવૃત્તિઓ અને પુસ્તકો અંગે રસપ્રદ પ્રવચન આપ્યું હતું. ઉપરાંત સરસ્વતી વિદ્યામંડળ પ્રકાશન વિભાગના તથા કેટલાક અપ્રાપ્ય પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું. કાર્યક્રમનું સંચાલન શ્રી દર્શનાબેને કર્યું હતું. તે પ્રસંગની કેટલીક તસ્વીરો...**



**શ્રી પાર્થભાઈ ત્રિવેદી**




**શ્રી સંજયભાઈ રાવલ**



**શ્રી આશાબેન વૈદ્ય**




















**ઘરશાળા**
ઑગષ્ટ-૨૦૨૪

Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted to post at Ahmedabad PSO on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550 / 2022-2024 Valid upto 31st December 2024
PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂા. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂા. ૨૦૦/-

# ડૉ. રઘુભાઈ નાયક



## न दैन्यं न पलायनम्।

આ મંત્રમાં દૃઢ શ્રદ્ધાવાળા અમારા
ગુરુવર્ય **શ્રી રઘુભાઈ નાયક** ને
જન્મદિને વંદન

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
મુદ્રક,પ્રકાશક અને તંત્રી : સજુભા ઝાલા એ શ્રી ભગવતી પ્રિન્ટર્સ,
૭૯૭, કડિયાવાડ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. મો. ૯૮૨૫૭૫૨૪૩૭માં પ્રકાશિત કર્યું